મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

NEWS ગરવી તાકાત LIVE

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

૧૭-૧૨-૨૦૨૪
મંગળવાર

વર્ષ : ૧૦ ★ અંક નં : ૨૫૬
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો એક આંગળીના ટેરવે
પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરો અને મેળવો તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં
Garvi Takat app

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.3-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

## એશિયાની સૌથી મોટી એમપીએમસીની ચૂંટણીને લઈને ભારે રસાકસી કુલ ૧૪ બેઠકો માટે ૩૬ ઉમેદવારો મેદાનમાં

# ઊંઝા APMCની ચૂંટણી : ધારાસભ્ય કિરીટ પટેલ, પૂર્વ ચેરમેન દિનેશ પટેલ, પૂર્વ ધારાસભ્ય નારાયણ પટેલ જૂથ આમને-સામને









(ગરવી તાકાત) મહેસાણા તા.૧૬

ઊંઝા એપીએમસીની ચૂંટણીને લઈ ભારે રસાકસી જોવા મળી રહી છે. મતદાન કરવા મોટી સંખ્યામાં ખેડૂતો અને વેપારીઓ આવી રહ્યા છે. ઊંઝા એપીએમસીની ચૂંટણીમાં કુલ ૧૪ બેઠકો માટે ૩૬ ઉમેદવારો મેદાનમાં છે. ભાજપના બે જૂથો વચ્ચે બરાબરનો ચૂંટણી જંગ જોવા મળી રહ્યો હતો. મહેસાણાના સાંસદ હરિ પટેલ ઊંઝા તાલુકાના સુણોક ગામના વતની છે. જેઓ મંડળીમાં મત ધરાવતાં હોય આજે મતદાન કરવા આવ્યા હતા.

ઊંઝા એપીએમસીની ચૂંટણીને લઈ આજે એપીએમસી સંકૂલ ખાતે કુલ ૧૪ બેઠકો જે પૈકી ખેડૂત વિભાગની ૧૦ અને વેપારી વિભાગની ૪ બેઠકો માટે સવારે ૯ વાગ્યાથી મતદાન શરૂ થઈ ગયું છે. જેને લઈ વહીવટી તંત્ર દ્વારા પૂરી તૈયારીઓ કરાઈ છે. શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણી સંપન્ન થાય તે માટે ચૂસ્ત પોલીસ બંદોબસ્ત એપીએમસી સંકુલ ખાતે ગોઠવાયો છે. ઊંઝા એપીએમસીની ચૂંટણીને લઈ આજે એપીએમસી સંકુલ ખાતે લોકોના ટોળે ટોળા જોવા મળ્યા હતા.

ઊંઝા એપીએમસીની ચૂંટણીને લઈ પૂર્વ ચેરમેન દિનેશ પટેલ ખરીદ વેચાણ સંઘની મંડળીમાંથી બિનહરીફ થયેલ છે. ત્યારે કુલ ૧૪ બેઠકો માટે ૩૬ ઉમેદવારો મેદાનમાં છે. જેમાં ઊંઝા ધારાસભ્ય કીરીટ પટેલ, ઊંઝા એપીએમસીના પૂર્વ વાઈસ ચેરમેન અરવિંદ પટેલ, પૂર્વ તાલુકા ભાજપ મહામંત્રી અશ્વિન પટેલ સહિતે ભાજપનું મેન્ડેટ ના મળતા ભાજપના મેન્ડેટ મળેલ ઉમેદવારોને ટેકો જાહેર કર્યો છે. જ્યારે ઊંઝા શહેર ભાજપ મહામંત્રી ડી.જે પટેલે મેન્ડેટ ના મળતા છતાં પણ ઉમેદવારી ચાલુ રાખતા ગઈકાલે ભાજપે શહેર ભાજપ મહામંત્રીપદેથી સસ્પેન્ડ કર્યા હતા.

ઊંઝા એપીએમસીની ચૂંટણીમાં ભાજપના જ બે જૂથ સામસામે જોવા મળી રહ્યાં છે. જેમાં ઊંઝા એપીએમસીના પૂર્વ ચેરમેન દિનેશ પટેલ અને ઊંઝાના ધારાસભ્ય કિરીટ પટેલ ગ્રુપ વચ્ચે ચૂંટણી જંગ જામ્યો છે. આ ઉપરાંત ઊંઝાના પૂર્વ ધારાસભ્ય નારાયણ પટેલના પૌત્ર સુપ્રીત પટેલ પણ ચૂંટણી જંગમાં જોવા મળી રહ્યા છે.

ઊંઝા એપીએમસીની ચૂંટણીમાં કુલ ૧૪ બેઠકો માટે ૩૬ ઉમેદવારો માટે આજે મતદાન થશે. ભાજપ દ્વારા વેપારી અને ખેડૂત વિભાગમાં ૧૦ અને વેપારી વિભાગમાં ૪ને ભાજપ દ્વારા મેન્ડેડ આપવામાં આવ્યું છે. જેનો ભાવિ ફેસલો મતદારો કરશે. એપીએમસી સંકુલ ખાતે મતદાન થશે. સવારે ૯:૦૦ કલાકથી મતદાન શરૂ થયું હતું. ખેડૂત વિભાગના ૨૬૧ મતદારો ૧૦ ઉમેદવારોના ભાવિ નક્કી કરશે. જ્યારે વેપારી વિભાગના ૮૦૫ મતદારો ૧૬ વેપારી ઉમેદવારોનું ભાવિ નક્કી કરશે. ૧૪ બેઠકો માટે ૧૦૬૬ મતદારો મતદાન કરશે.

ઊંઝા એપીએમસીની ચૂંટણીને લઈ વહીવટી તંત્ર દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવા હતી. જેમાં ખેડૂત વિભાગમાં એક બુથ બનાવવામાં આવ્યું છે. જ્યારે વેપારી વિભાગમાં બે બુથ બનાવવામાં આવેલ છે. કુલ ત્રણ બુથમાં ૧૫ અધિકારીઓ અને ૫ રીઝર્વ એમ કુલ ૨૦ અધિકારો ચૂંટણીમાં ઉપસ્થિત રહેશે. જ્યારે બીજા દિવસે એપીએમસીના હોલમાં મતગણતરી યોજાશે. જેમાં ૨૦ અધિકારીઓ હાજર રહેશે.

ઊંઝા એપીએમસીની ચૂંટણીને લઈ ભારે રસાકસીનો માહોલ જોવા મળી હતી. ત્યારે આજે યોજાનાર એપીએમસીની ચૂંટણી શાંતિપૂર્ણ રીતે સંપન્ન થાય તે માટે પોલીસ બંદોબસ્ત મુકવામાં આવ્યો હતો. જેમાં ૩ પી.આઈ, ૭ પી.એસ.આઈ, ૭૧ પોલીસ કર્મચારી સહિતનો સ્ટાફ સુરક્ષા સંભાળી હતી.

## ભરતી પ્રક્રિયા રાજકીય દબાણને વશ થઈ કરવામાં આવી હોવાનો વિપક્ષનો ગણગણાટ

# મહેસાણા નગરપાલિકામાં ૧૧ માસના કરાર આધારિત ફિક્સ પગારની ભરતી નવેસરથી કરવા વિપક્ષની માંગ

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૬

મહેસાણા નગરપાલિકામાં ૧૧ માસના કરાર આધારિત ફીકસ પગારની ભરતીની અલગ અલગ જગ્યાઓ માટે જાહેરાત આપવામાં આવેલ. જે અન્વયે આવેલ અરજીઓના ઉમેદવારોને ફોન દ્વારા ઈન્ટરવ્યુ માટે બોલાવવમાં આવેલ જેમાં ઉમેદવારોની પસંદગી માટે (૧) પસંદગી સમિતિના અધ્યક્ષ (૨) પ્રમુખ મહેસાણા નગપાલીકા (૩) કારોબારી સમિતિના ચેરમેન (૪) પ્રાદેશિક કમિશ્નરશ્રી ગાંધીનગર દ્વારા નિયુકત અધિકારી તથા (૫) મુખ્ય અધિકારી મહેસાણા નગરપાલિકા આમ કુલ પાંચ પસંદગી સમિતિના સભ્યો દ્વારા પસંદગી કરવાની થાય છે.



પરંતુ મહેસાણા નગરપાલિકા દ્વારા પ્રાદેશિક કમિશ્નરની કચેરીમાંથી સભ્યને આમંત્રિત કરવા પત્ર લખવામાં આવેલ પરંત આપશ્રીને પ્રાદેશિક કમિશ્નરની કચેરીમાં સભ્યને આમંત્રિત કરવા પત્ર લખવામાં આવેલ પરંતુ આપશ્રીની પ્રાદેશિક કમિશ્નરશ્રીની કચેરીના પત્ર નં.આરસીએમજીએન/૦૦૬૭/૧૨/૨૦૨૪ તા.૦૬/૧૨/૨૦૨૪ના પત્ર દ્વારા મહેસાણા નગરપાલિકાને જણાવેલ છેકે, “૧૧ માસના કરાર આધારિત ફિકસ પગારથી નિમણુંક કરવા અંગે પસંદગી સમિતિની બેઠકમાં અત્રેથી કોઈ પ્રતિનિધી મોકલવાના થતા નથી તથા આપની કક્ષાએથી સરકારશ્રીની વખતોવખતની સૂચનાઓ તથા જોગવાઈઓ ધ્યાને લઈ નિયમોનુસારની કાર્યવાહી કરવા જણાવેલ.

આમ, પ્રાદેશિક કમિશ્નરશ્રીની કચેરીમાંથી કોઈ પ્રતિનિધી હાજર રહેલ ન હોઈ તેમજ સદ ભરતી નિયમોનુસાર ન હોઈ તથા સદર પ્રક્રિયામાં પારદર્શિતા ન હોઈ અને આ ભરતી પ્રક્રિયા રાજકીય દબાણને વશ થઈ કરવામાં આવી રહેલ હોય તેવું પારદર્શિતા ન હોઈ અને આ ભરતી પ્રક્રિયા રાજકીણ દબાણને વશ થઈ કરવામાં આવી રહેલ હોય તેવું લાગી રહેલ છે.

આજ રોજ તા.૧૬/૧૨/૨૦૨૪ના રોજ તથા તા. ૧૭/૧૨/૨૦૨૪ના રોજ ઉમેદવારોને ભરતી માટે ઈન્ટરવ્યુ માટે બોલાવવામાં આવેલ. આજરોજ તા.૧૬/૧૨/૨૦૨૪ના રોજ મહેસાણા નગરપાલિકાના સભાખંડમાં પસંદગી સમિતિના સભ્યો દ્વારા ઉમેદવારોના ઈન્ટરવ્યુ વખતે પસંદગી સમિતિના સભ્ય ન હોય તેવા વ્યકિત એટલે કે, અધ્યક્ષ કોકિલાબેન એન. ચાવડાના પતિ પણ ઈન્ટરવ્યુમાં પસંદગી સમિતિના સભ્યો હાજર રહી ઈન્ટરવ્યુની પ્રક્રિયામાં ભાગ લીધેલ.

આમ, આ ભરતી પ્રક્રિયા નિયમોનુસાર ન હોઈ તથા સદર પ્રક્રિયામાં પારદર્શિતા દેખાતી ન હોઈ અને જે લાયક ઉમેદવાર હોય તેમને અન્યાય થાય તેમ હોઈ તાત્કાલિક આ ભરતી પ્રક્રિયા અટકાવી નવેસરથી આપની કચેરીની પ્રતિનિધીનો હાજર રાખી નિયમોનુસાર નવી જાહેરાત બહાર પાડી ભરતી પ્રક્રિયાની કાર્યવાહી કરવા વિપક્ષની માંગણી છે.

જો આ ભરતી પ્રક્રિયા અટકાવી નવસેસરથી પ્રક્રિયા કરવામાં નહિ આવે તો ના છૂટકે કાયદેસરની કાર્યવાહી કરવા વિપક્ષની જણાવ્યું છે.

## મિલકતનો સર્વે કર્યા વગર કેવી રીતે મિલકતની સંખ્યા નક્કી કરાઈ?તે સવાલ પુછાયો

# મહેસાણા નગરપાલિકામાં ડોર ટુ ડોર કચરો ઉપાડતી એજન્સીનો કકળાટ : કોંગ્રેસ નેતા ભૌતિક ભટ્ટે ચીફ ઓફિસરને પત્ર લખ્યો



(ગરવી તાકાત) મહેસાણા તા.૧૬

મહેસાણા નગરપાલિકા દ્વારા શહેરમાં ડોર ટુ ડોર કચરો ઉપાડવા માટે જે એજન્સી છેલ્લા પાંચ મહિનાથી કામ કાજ કરી રહી છે તે એજન્સીએ મહેસાણા શહેરમાં નગરપાલિકાને બતાવેલ મિલકત અને પાલિકાએ સર્વે કરેલી મિલકતમાં ઘણો બધો તફાવત છે. છતાં પણ ઓજન્સી છેલ્લા પાંચ મહિનાથી કોઈ પણ પ્રકારનો કોન્ટ્રાકટ કે એમઓયુ મહેસાણા નગરપાલીકાએ કરેલ નથી. છતાં પણ કયા મોટા સરકારી અધિકારી સચિવાલયના કહેવાતી કામ કરી રહી છે.

હાલના જમાનામાં તો માગ્યા વગર તો મા પણ પિરસતી નથી તો આ કોન્ટ્રાકટરને મહેસાણા શહેર મો આટલો બધો પ્રેમ તથા આવનરા દિવસોના અંદર મહેસાણા નગરપાલિકા કોર્પોરેશન બની રહી છે તેના વિશ્વાસે મોટુ બીલ મુકવાની તેવી કોઈ ચાણક્ય નેતાની સલામ મુજબ આ કાર્ય થઈ રહ્યું છે.

જો કોઈ બિલ મહેસાણાની વેરો ભરતી પ્રજાના પૈસા સાથે છેતરપિંડી કરી ચૂકવવામાં આવશે તો તો નામદાર હાઈકોર્ટના શરણે જવાની કોંગ્રેસ નેતા ભૌતિક ભટ્ટે ચિમકી ઉચ્ચારી છે. જેની સંપૂર્ણ જવાબદારી મહેસાણા નગરપાલિકાના ચીફ ઓફિસરની રહેશે.

**વેચવાની છે**

ઇન્ડસઇન્ડ બેંક દ્વારા નીચે જણાવેલ કબજો લીધેલ થ્રી વ્હીલર વેચવાના છે

GJ08AV6914
GJ08AW0788
GJ08AV9328
GJ08AW2058
GJ08AV7914
GJ02YY8945
GJ02AU0312
GJ24W4198

સંપર્ક : પ્રવિણસિંહ ચૌહાણ
7358134749

# મહેસાણા સોમનાથ ચોકડી પાસે કાર ચાલકે બે વાહનોને હડફેટે લેતા પિતા-પુત્રને ઈજા

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૬

મહેસાણામા સોમનાથ ચોકડી પાસે આવેલા બ્રિજના છેડે એક બેફામ ગાડી ચાલકે પોતાની ગાડી પુરઝડપે હંકારી આવી બે વાહનોને હડફેટે લેતા પિતા પુત્ર ને ઈજા પહોંચી હતી.સમગ્ર ઘટનામાં ગાડી ચાલક સ્થળ પર ગાડી મૂકી ફરાર થઈ ગયો હતો.ઘટનામાં ઈજા પામેલા પિતા પુત્રને સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.ત્યારે ગાડી ચાલક સામે ફરિયાદ નોંધવામાં આવી છે.

મહેસાણા મા વિસનગર લિંક રોડ પર આવેલા અમરનાથ બંગલોઝમાં રહેતા ચૌધરી અમિતભાઈ પોતાના દીકરા દેવાંસ સાથે યન્ન૦૨ઙ્ઘઈ૨૭૯૧ નંબર નું ટુ વહીલર લઈ સોમનાથ ચોકડી થઈ રાધનપુર ચોકડી જવા નીકળ્યા



હતા એ દરમિયાન સોમનાથ ચોકડી પુલના છેડે GJ2DJ3857 નબરની ગાડીનો ચાલક બેફામ રીતે પુરઝડપે ગાડી લઈ આવી ધડાકા ભેર ફરિયાદીના ટુ વહીલર ને ટક્કર મારી ત્યારબાદ બાજુમાં પડેલા GJ2CB3847 નબરના બાઈક ને પણ ટક્કર મારી હતી.

સમગ્ર ઘટના માં પિતા પુત્ર નીચે પડી જતા શરીરે ઈજાઓ થવા પામી હતી ત્યારે અકસ્માત સર્જનાર ગાડી ચાલક ગાડી ઘટના સ્થળે મૂકી ભાગી ગયો હતો.ઈજા પામેલા પિતા પુત્રને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા જ્યાં ગાડી ચાલક સામે મહેસાણા સહેર એ ડિવિઝન પોલીસ માં ફરિયાદ નોંધાવતા પોલીસ તજવીજ આદરી છે.

**જોઈએ છે, કમ્પ્યુટર એન્જીનીઅર (પગાર ૮ થી ૧૦ હજાર)**

મહેસાણા શહેર માટે કમ્પ્યુટર / લેપટોપ / પ્રિન્ટર અને CCTV નું રીપેરીંગ તેમજ સોફ્ટવેર નું કામ કરી શકે તેવા એન્જીનીઅર ની જરૂર છે. ટુ વ્હીલરનું લાયસન્સ હોવું જોઈએ. નીચે આપેલા અમારા સરનામે આપનો CV લઈને રૂબરૂ મળો.

PRAMAY IT Services
Basement B-17, Mahalaxmi Complex,
Nr. Tansihq Jweller, Radhanpur Road,
Mehsana. 384002. • Mo.8905104443




# સમુદ્રી સુરક્ષા માટે

સ્વદેશી યુદ્ધજહાજ આઈએનએસ ઈમ્ફાલને નૌકાદળમાં સામેલ કરવાના અવસરે રક્ષા મંત્રી રાજનાથ સિંહે જે કહ્યું કે અરબ સાગરમાં ભારત આવી રહેલા જહાજ એમવી કેમ પ્લૂટો પર હુમલો કરનારાઓને છોડવામાં નહીં આવે અને તેમને સમુદ્રના તળિયેથી પણ શોધીને તેમના વિરુદ્ધ કઠોર કાર્યવાહી કરવામાં આવશે, તે બહુ જરૂરી હતું. આવું બેધડક નિવેદન એટલા માટે વધુ જરૂરી હતું કારણ કે દિક્ષણી લાલસાગરમાં પણ એમવી સાઈબાબા નામના જહાજને નિશાનો બનાવાયું હતું. આ સમુદ્રી જહાજના ચાલક દળના સદસ્યો ભારતીય હતા. આ હુમલાઓને જોતાં જ ભારતીય નૌકાદળે અરબ સાગરના વિભિન્ન ક્ષેત્રોમાં ત્રણ યુદ્ધજહાજ તૈનાત કરી દીધાં છે. તે ઉપરાંત સમુદ્રમાં તાગ લેનારાં વિમાનો પણ તૈનાતી કરવામાં આવી રહી છે. વિભિન્ન સમુદ્રી માર્ગો પર પોતાના વેપારી હિતોની રક્ષા કરવા માટે ભારતે હરસંભવ ઉપાય કરવા પડશે. આ ઉપાય ન માત્ર હિંદ મહાસાગરમાં કરવા પડશે, બલ્કે અન્ય સાગરોમાં પણ કરવાની જરૂર છે. જો સમુદ્રી જહાજો પર આ રીતે હુમલા થતા રહેશે તો ભારત આવતા અને અહીંથી જહાજોએ પોતનો માર્ગ બદલવા માટે મજબૂર થવું પડશે. સ્પષ્ટ છે કે તેને કારણે ખર્ચ વધશે અને અર્થવ્યવસ્થા પર ખરાબ અસર પડશે. જો ભારતમાં ક્રુડ ઓઈલ લાવનારા સમુદ્રી જહાજોને સુરક્ષા કારણોસર વધુ અંતર કાપવું પડે છે તો પેટ્રોલિયમ ઉત્પાદનો મોંઘાં થઈ શકે છે. ભારતે મિત્ર દેશોની સહાયતાથી એ સુનિશ્ચિત કરવું પડશે કે તેના હિતોની પૂર્તિ કરનારા તમામ સમુદ્રી માર્ગો સુગમ અને સુરિક્ષત બની રહે.

અમેરિકાનું માનીએ તો એમવી કેમ પ્લૂટો જહાજ પર ઈરાનથી ડ્રોન હુમલો કરવામાં આવ્યો. ઈરાને અમેરિકાના આ દાવાને નકારી દીધો છે, પરંતુ એ કોઈથી છૂપું નથી કે યમનના જે હૂતિ આતંકીઓ સમુદ્રી જહાજોને નિશાનો બનાવી રહ્યા છે, તેમને ઈરાનનું સમર્થન છે. હૂતિ આતંકીઓ ઈઝરાયલ પર બર્બર આતંકી હુમલો કરનારા હમાસના સમર્થનમાં સમુદ્રી જહાજો પર હુમલા કરી રહ્યા છે. તેઓ ઈઝરાયલની સાથે હમાસની નિંદા-ટીકા કરનારા દેશોના સમુદ્રી જહાજોને પણ નિશાનો બનાવવાની ધમકીઓ આપી રહ્યા છે. ઈરાન જે રીતે હૂતિ આતંકીઓને હથિયાર અને પૈસા ઉપલબ્ધ કરાવે છે, એ જ રીતે તે હમાસને પણ ઉપલબ્ધ કરાવે છે. એક સમય હતો જ્યારે સોમાલિયાના હથિયારબંધ ચાંચિયા સમુદ્રી જહાજો માટે ખતરો બની ગયા હતા. ત્યારે પણ ભારતે સમુદ્રમાં સતર્કતા વધારવી પડી હતી. હવે જ્યારે હૂતિ આતંકીઓ ઈરાન જેવા દેશોના સમર્થનથી સમુદ્રથી થનારા વેપાર માટે ખતરો બની રહ્યા છે, ત્યારે ભારતે પોતાની સમુદ્રી તાકાત વધારવા પર વધુ ધ્યાન આપવું પડશે. એવું એટલા માટે પણ કરવું પડશે, કારણ કે ચીન હિંદ મહાસાગરમાં પોતાનું વર્ચસ્વ વધારી રહ્યું છે. એક એવા સમયે જ્યારે ભારતની આર્થિક શક્તિ વધી રહી છે, ત્યારે તેણે પોતાની આસપાસના સમુદ્રી માર્ગોની સુરક્ષા માટે વધુ સતર્ક રહેવું પડશે.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

### મુદ્દામાલ સાથે બે ઇસમોની ધરપકડ કરી જેલ હવાલે કરી આગળની કાર્યવાહી હાથ ધરી

## ટેન્કરમાંથી ડીઝલ ટેન્કર સહિત રૂપિયા ૪૧,૩૨,૭૦૦નો મુદ્દામાલ પકડી પાડતી સૂઇગામ પોલીસઃ આરોપી ઝબ્બે




**ડીઝલ ભરેલ ટેક્કર નબર GJ ૧૯ ઠ ૫૦૭૦ તથા ડીઝલ ભરેલ બેરલ ભરવા રાખેલ બોલેરો કેમ્પર નબર GJ ૧૨ AT ૪૮૨૪ તથા ખાલી બેરલ નંગ ૨ તથા ડીઝલ ભરેલ બેરલ નંગ ૧ તથા લોખંડ પત્રાના નાળચા નંગ ૨ સહિત નો મુદ્દામાલ કિંમત રૂ,૪૧,૩૨,૭૦૦ મુદ્દામાલ કબજે કરી ને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.**

(ગરવી તાકાત) સૂઈગામ તા.૧૬

સરહદી સૂઈગામ પોલીસ ઈન્ચાર્જ પીઆઈ એચ.એમ પટેલ સ્ટાફ પેટ્રોલિંગ માં હતા ત્યારે ખાનગી રાહે બાતમી મળતા સૂઈગામ વાવ હાઈવે રોડ પર ભારત પેટ્રોલપંપની સામે આવેલ ઓમ હનુમાન હોટલની પાછળના ભાગે હાઈવે રોડ ઉપર ચાલતા માલવાહક ટેક્કરનો ચાલક પોતાના કબજાના ટેક્કર માંથી ડીઝલ કાઢી રહેલ હોય જે હકીકત આધારે રેડ કરતા ટેક્કર ચાલક યોગેશકુમાર વિજયબહાદુર ( રાજપુત ) ધંધો ડ્રાઈવિંગ રહે પરસપુર,બીજોનીયા તા,જી સંત રવિદાસ નગર તથા હોટલ માલિક હરસેંગભાઈ ભુરાભાઈ રાજપુત ધંધો ખેતી તથા હોટલ રહે સૂઈગામ વાળા ની ધરપકડ કરી જેલ હવાલે કરીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

### હાઈકોર્ટના આકરા વલણ બાદ પોલીસ - RTO ની સંયુક્ત ઝુંબેશ

# અબ તક ૭૭૦૦; બેદરકારી ભર્યા ડ્રાઈવીંગ બદલ ધડાધડ લાયસન્સ સસ્પેન્ડ થવા લાગ્યા

**અગાઉના તમામ રેકોર્ડ ચાલુ વર્ષના ૧૧ માસમાં જ તૂટયા : એકલા અમદાવાદમાં ૧૫૭૫ એ લાયસન્સ ગુમાવ્યા : ચલણ - હીસ્ટ્રી તપાસીને નિર્ણય લેવાય છે : ઘાતક અકસ્માત સર્જનાર કાયમી રીતે લાયસન્સ ગુમાવે છે**

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૧૬

ગુજરાતમાં સતત વધતા જતા હીટ એન્ડ રનની ઘટનાઓ તથા માર્ગ પર બેફામ ગતિએ તથા ટ્રાફીક નિયમોનો ભંગ કરી ડ્રાઈવીંગ કરે છે તેની સામે પોલીસ તથા આરટીઓની આકરી ઝુંબેશ આ વર્ષે જ નવેમ્બર માસ સુધીમાં ૧૫૭૫ લોકોના લાયસન્સ સસ્પેન્ડ થયા છે.

જે છેલ્લા પાંચ વર્ષના સૌથી વધુ છે. અમદાવાદમાં તથ્ય પટેલ કાંડ બાદ મહાનગરોના માર્ગો પર જાણે જે રીતે બેફામ ડ્રાઈવીંગ થાય છે તેથી તંત્રને સ્થિતિની ગંભીરતા સમજાઈ ગઈ છે અને ટ્રાફિક નિયમોનો ભંગ કરનારાઓને દંડની સજા કોઈ ફર્ક પાડી શકતા નથી.

તેથી ગુજરાત હાઈકોર્ટે જે રીતે આકરુ વલણ અપનાવ્યું અને જેમાં સતત ટ્રાફિક નિયમોનો ભંગ કરતા હોય તેના ડ્રાઈવીંગ લાયસન્સ સસ્પેન્ડ કરવા માટે તંત્રને જણાવ્યું પછી નવે-૨૦૨૪ સુધીમાં ૧૫૭૫ લોકોના




લાયસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.આમ રોજના ચાર જેટલા લાયસન્સ પોલીસની ભલામણથી આરટીઓ દ્વારા સસ્પેન્ડ કરવામાં આવે છે. ૨૦૨૩માં ૫૭૧ લાયસન્સ જ સસ્પેન્ડ થયા હતા. આમ ૨૦૨૪ એ તે સંખ્યા ત્રણ ગણી વધી ગઈ છે. ૨૦૨૨માં ૩૦૯ અને ૨૦૨૧માં ૩૧૯ લાયસન્સ સસ્પેન્ડ થયા હતા. સરકારે હવે ટ્રાફિક નિયમનો ભંગ કરનાર સામે મોટર વ્હીકલ એકટને વધુ આકરી રીતે લાગુ કરવા માટે આદેશ આપ્યા છે.

જેમાં સતત ત્રણ વખત ટ્રાફિક નિયમોનો ભંગ કરે તેને રૂા.૧૦૦૦નો દંડ અને ત્રણ માસ માટે લાયસન્સ સસ્પેન્ડ કરવામાં આવે છે. રાજયભરમાં પોલીસે કુલ ૭૭૦૯ લોકોના લાયસન્સ સસ્પેન્ડ કરવા આદેશ આપ્યા છે.

ખાસ કરીને જેવો ટ્રાફિક નિયમોનો ભંગ કરે છે અને તેના ચાલાન બને છે તેનો સતત અભ્યાસ થાય છે અને તેનાથી જેઓ નિયમ પાલન કરવામાં માનતા જ નથી તેઓના લાયસન્સ સસ્પેન્ડ કરવા માટે ભલામણ થાય છે અને આરટીઓ તેના આધારે પગલા લે છે અને જેમાં અત્યંત ઘાતક અકસ્માતમાં સામેલ છે અને તેની બેદરકારી સાબીત થાય તો તેના લાયસન્સ કાયમી રીતે સસ્પેન્ડ કરવા ભલામણ થાય છે.

માર્ગ પર ગતિ નિયંત્રણ વગર વાહન ચલાવવા રોંગસાઈડમાં જવા કે હેલ્મેટ વગર દ્રીચક્રી વાહન ચલાવવા સીટ બેલ્ટ નહી પહેરવા, ચાલુ ડ્રાઈવીંગ મોબાઈલ પર વાતચીત કરવા સહિતના ટ્રાફિક નિયમ ભંગ નાના દેખાતા હોય પણ તેમાં કયારેક મોટા અકસ્માત સર્જાઈ જાય છે.

ગુજરાતના માર્ગો પર વાહનો વધતા જાય છે તેની સરખામણીમાં રોડ ઉપલબ્ધ નથી એકલા અમદાવાદમાં જ વર્ષે ૨ લાખ નવા વાહનો ઉમેરાય છે. જૂના કંડમ વાહનો પણ માર્ગો પર દોડે છે જે પણ ટ્રાફિક વ્યવસ્થાને વિઘ્ન બને છે.

# પાટનગર ગાંધીનગર એસટી બસ સ્ટેશનમાં પાણીના અભાવે શૌચાલયને તાળા : મુસાફરો પરેશાન થયા

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૬

ગુજરાત રાજ્ય ના પાટનગર ગાંધીનગર એસ ટી બસ સ્ટેશન માં પાણી ના અભાવે બહેનો અને ભાઈ ઓ ના ટોઈલેટ બ્લોક ને તાળાં મારી દેવામાં આવતા મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.આજે તા ૧૬-૧૨-૨૪ ને સોમવારે સવારે અંદાજે અગિયાર વાગ્યા થી પાણી ની વ્યવસ્થા ન હોવાથી ટોઈલેટ બ્લોક ને તાળાં મારી દેવામાં આવ્યા હતા.

આ અંગે બાજુ માં આવેલા ટ્રાફીક કંટ્રોલ પોઈન્ટ ઉપર પુછપરછ કરતા તેમણે જણાવ્યું હતું કે ઉપર ની ટાંકી માં પાણી ખલાસ થઈ ગયું છે



એટલે ટેક્કર મંગાવવામા આવ્યું છે.ગાંધીનગર એ ગુજરાત નું પાટનગર કહેવાય છે.જેના કારણે સમગ્ર ગુજરાતમાં થી દરરોજ હજારો ની સંખ્યામાં પેસેન્જર આવન જાવન કરતા હોય ત્યારે કુદરતી હાજતે અને લઘુશંકા માટે બહેનો એ ભારે આક્રોશ વ્યક્ત કર્યો હતો અને ભાઈઓ એ પણ વહીવટી તંત્ર સામે ભારે નારાજગી વ્યક્ત કરી હતી જે લોકો ને ડાયાબિટીસ ની તકલીફ હતી તેવા કેટલાક પેસેન્જરો એ પણ આક્રોશ સાથે વહીવટી તંત્ર ની નિષ્ક્રિયતા ઉપર ફીટકાર વરસાવી રહ્યા હતા. જ્યારે એસ ટી ના કર્મચારીઓ પાણી ની બોટલ લઈ ને ઉપર ના ભાગ માં આવેલા ડ્રાઈવર કંડકટર રેસ્ટ રૂમમાં આવેલા ટોઈલેટ બ્લોક નો ઉપયોગ કરી રહ્યા હતા જ્યારે પેસેન્જરો ને તકલીફ પડી હતી અને એમાં ય ખાસ કરીને અત્યારે શિયાળામાં તો દરેક વ્યક્તિ ને લઘૂશંકા ની વધારે તકલીફ પડતી હોય છે. ત્યારે આ રીતે મુખ્ય એસ ટી બસ સ્ટેશન માં જ પાણી ના અભાવે તાળા મારી દેવામાં આવે તે વહીવટી તંત્ર માટે કેટલું શરમ જનક કહેવાય અને એસ ટી તંત્ર ની આવી તે કેવી લાપરવાહી ચાલી રહી છે તેવી ચર્ચા પેસેન્જરો કરી રહ્યા હતા.

### પ્રધાનમંત્રી મ્યુઝીયમમાં ગાંધી કુટુંબે અગાઉ આપેલા પત્રો પરત માંગ્યા

# હવે નહેરૂના પત્ર મુદ્દે વિવાદ : સોનિયાએ પંડિતજીના અંગત પત્રો પરત માંગતા મ્યુઝીયમે વળતી ઉઘરાણી કરી

**જવાહરલાલ નહેરૂએ એડમીના માઉન્ટબેટન સહિતના મહાનુભાવોને લખેલા પત્રો પરત આપવા ગાંધી કુટુંબે પત્ર લખ્યો : મ્યુઝીયમે કહ્યું સોનિયા ગાંધી ૨૦૦૮માં નહેરૂના પત્રના ૫૧ બોકસ પરત લઇ ગયા છે તે પહેલા આપે : ભાજપે પણ ઝુકાવ્યું**

(એજન્સી)

બીજી તરફ પીએમ મ્યુઝીયમે કોંગ્રેસને વળતો પત્ર લખીને સોનિયા ગાંધી ૨૦૦૮માં ૫૧ બોકસ ભરીને નહેરૂના પત્રો અને અન્ય સાહિત્ય જે લઈ ગયા હતા તે પરત આપવા જણાવ્યું છે. મ્યુઝીયમના સભ્ય રીઝવાન કાદરીએ સોનિયા ગાંધીને લખેલા એક પત્રમાં જણાવ્યું કે નહેરૂજીના આ પત્રો ઐતિહાસિક રીતે મહત્વના છે અને દેશની સંપતિ છે.

તેઓએ આ પત્રો પરત કરવા જોઈએ. ૨૦૦૮માં તેઓ ૫૧ બોકસ ભરીને આ પત્રો લઈ ગયા હતા. બીજી તરફ ભાજપે આ વિવાદમાં ઝુકાવતા કહ્યું કે નહેરૂના અંગત પત્રોમાં એવું શું છુપાવવા જેવું છે કે જે ગાંધી કુટુંબ દેશ સમક્ષ જાહેર થાય તે ઈચ્છતું નથી.

ભાજપના પ્રવકતા સંબીત પાત્રાએ જણાવ્યું કે ગાંધી કુટુંબ દેશની સંપતિ લૂંટવા માટે જાણીતું છે. એક સમયે તેઓએ ફકત નહેરૂની પ્રશંસા કરતું મ્યુઝીયમ બનાવ્યું હતું અને દેશના તમામ વડાપ્રધાનોને તેમાં સ્થાન મળતા આ કુટુંબ માટે મ્યુઝીયમ મહત્વનું રહ્યું નથી.

બીજી તરફ પીએમ મ્યુઝીયમે કોંગ્રેસને વળતો પત્ર લખીને સોનિયા ગાંધી ૨૦૦૮માં ૫૧ બોકસ ભરીને નહેરૂના પત્રો અને અન્ય સાહિત્ય જે લઈ ગયા હતા તે પરત આપવા



જણાવ્યું છે. મ્યુઝીયમના સભ્ય રીઝવાન કાદરીએ સોનિયા ગાંધીને લખેલા એક પત્રમાં જણાવ્યું કે નહેરૂજીના આ પત્રો ઐતિહાસિક રીતે મહત્વના છે અને દેશની સંપતિ છે.

તેઓએ આ પત્રો પરત કરવા જોઈએ. ૨૦૦૮માં તેઓ ૫૧ બોકસ ભરીને આ પત્રો લઈ ગયા હતા. બીજી તરફ ભાજપે આ વિવાદમાં ઝુકાવતા કહ્યું કે નહેરૂના અંગત પત્રોમાં એવું શું છુપાવવા જેવું છે કે જે ગાંધી કુટુંબ દેશ સમક્ષ જાહેર થાય તે ઈચ્છતું નથી.

ભાજપના પ્રવકતા સંબીત પાત્રાએ જણાવ્યું કે, ગાંધી કુટુંબ દેશની સંપતિ લૂંટવા માટે જાણીતું છે. એક સમયે તેઓએ ફકત નહેરૂની પ્રશંસા કરતું મ્યુઝીયમ બનાવ્યું હતું અને દેશના તમામ વડાપ્રધાનોને તેમાં સ્થાન મળતા આ કુટુંબ માટે મ્યુઝીયમ મહત્વનું રહ્યું નથી.

# સાબરકાંઠા જીલ્લામાં વર્ષ-૨૦૨૪ની ચોથી અને આખરી રાષ્ટ્રીય લોક અદાલતમાં કુલ-૧૦૨૧૦ કેસોનો સમાધાનથી નિકાલ

રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ, (દ્રછન્જીછ) ના આદેશ અનુસાર સમગ્ર ભારતમાં તા.૧૪.૧૨.૨૦૨૪ નારોજ વર્ષ-૨૦૨૪ની ચોથી અને વર્ષની આખરી રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના ભાગરૂપે નામદાર ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદ ના માર્ગદર્શન હેઠળ સાબરકાંઠા જીલ્લાની તમામ અદાલતોમાં જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળના અધ્યક્ષશ્રી અને મુખ્ય જીલ્લા ન્યાયાધીશ શ્રી કે.આર.રબારી, સચિવ શ્રી પી.કે.ગઢવીની અધ્યક્ષતામાં સાબરકાંઠા જીલ્લામાં તા.૧૪મી ડિસેમ્બર ૨૦૨૪ના રોજ રાષ્ટ્રીય લોક અદાલત નું આયોજન કરાયું. જેમાં સાબરકાંઠા જીલ્લામાં હિંમતનગર તથા તાલુકા કોર્ટના બાર એસોસિયેશન, વકીલશ્રીઓ, પક્ષકારો, અદાલતમાં ફરજ બજાવતા કર્મચારી મિત્રો સહભાગી થઈ ને લોકઅદાલત ને સફળ બનાવવામાં પૂરતું યોગદાન આપ્યું.

જેમાં સાબરકાંઠા જીલ્લામાં મોટર અકસ્માત વળતળ ના કેસોમાં કુલ-૩૮ કેસોનો સમાધાનથી નિકાલ કરીને રૂ.૧,૦૪,૫૦,૦૦૦/- નું વળતળ ચૂકવવાનો આદેશ કરવામાં આવ્યો હતો. જીલ્લામાં કાર્યરત મેજીસ્ટ્રેટશ્રીઓ દ્વારા પેન્ડીંગ કેસો પૈકી લોક અદાલત અને સ્પેશિયલ સિટિંગ ના એમ કુલ-૬૫૯૨ કેસો, રકમ રૂ.૨૫,૫૮,૧૪,૪૭૩.૨૩ ના કેસોનું સમાધાનથી નિકાલ કરવામાં આવ્યું તેમજ ટ્રાફિક ઈ-ચલણ સહિત બેંક લેણાંના કેસો, વીજ બીલ, પાણી બીલ, વીજ ચોરી, રેવન્યુ, જેવા બીજા અન્ય પ્રિ-લિટીગેશન કેસોમાંથી કુલ-૩૬૧૮ કેસો, રકમ રૂ.૧,૬૧,૭૭,૦૨૦.૨૫ ના કેસોનું સુખદ સમાધાનથી નિકાલ થયેલ છે.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષ (અ.લ.ઈ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ આવકના નવા સ્ત્રોત ખુલશે. સ્નેહીમિત્રોથી સહયોગ મળશે. પરિવારના સંબંધોમાં મજબૂતાઈ જણાશે. રોજગારી માટે સારી તકો મળશે.

**વૃષભ (બ.વ.ઉ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ વડીલોનો ઉત્તમ સહયોગ મળશે. ઢીંચણ સાંધા વિષયક તકલીફ જણાશે. રોજગારી માટે ઉત્તમ તકો મળશે. મધુર વાણીથી કામ સરળ બનશે.

**મિથુન (ક.છ.ઘ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ ધંધાકીય યોજનાઓ બનાવી શકશો. નોકરીયાતની ઇચ્છાઓ પૂર્ણ થશે. કરેલો પરિશ્રમ ફળદાયી બનશે. પ્રેમ સંબંધોમાં દૂરી જણાશે.

**કર્ક (ડ.હ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ સરકારી કામમાં લાભ મળશે. ધંધાકીય કામમાં લાભ થશે. કોર્ટ-કચેરીનાં કામકાજમાં સાચવવું. નાના પ્રવાસના યોગો બને.

**સિંહ (મ.ટ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ આર્થિક પાસુ મજબૂત બનશે. ધંધાકીય બાબતોમાં પ્રગતિ થશે. લેવડ-દેવડમાં સાચવીને કામ કરવું. ખાવાપીવામાં કાળજી રાખવી.

**કન્યા (પ.ઠ.ણ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ પરિવારજનોનો સહયોગ મળશે. યાત્રા-પ્રવાસના યોગોથી લાભ થશે. અવિવાહિતને સારા સમાચાર મળશે. જમીન અને તેને લગતા રોકાણોથી લાભ થશે.

**તુલા (ર.ત.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ આર્થિક બાબતોમાં સામાન્ય પરેશાની જણાશે. નોકરીયાતને કામમાં નવીન તકો મળે. પારિવારિક સંઘર્ષથી દૂર રહેવું. કોઈપણ નિર્ણયો સમજી-વિચારીને લેવા.

**વૃશ્ચિક (ન.ય.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ પરદેશના કામકાજમાં લાભ થશે. નોકરીયાતને કાર્યભારમાં વધારો થશે. પૈતૃક સંપત્તિને લગતા પ્રશ્નોનો ઉકેલ આવશે. વિદ્યાર્થીઓને મહેનતનું ફળ મળશે.

**ધન (ભ.ધ.ફ.ઢ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ જૂની ઉઘરાણીમાં લાભ થશે. આવક-જાવકનું પ્રમાણ જળવાઈ રહેશે. વાહન ચલાવવામાં કાળજી રાખવી. સહકર્મચારીનો સહયોગ મળશે.

**મકર (ખ.જ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ જીવનસાથીનો સહયોગ અને સાનિધ્ય મળશે. આવકના નવા દ્વાર ખુલશે. કોઈપણ કાર્યમાં ધીરજ રાખવી. મુશ્કેલીમાંથી માર્ગ મળશે.

**કુંભ (ગ.શ.સ.ષ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ ભાઈ-બહેનોના સંબંધમાં મધુરતા જણાશે. સારા સમાચારથી ખુશીમાં વધારો થશે. કોઈપણ રોકાણ માટે સમય મધ્યમ છે. તનાવવાળા કામકાજમાં સાચવીને કામ કરવું.

**મીન (દ.ચ.ઝ.થ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ ઘર વપરાશની ચીજોમાં ખર્ચાઓ થશે. સામાજિક પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. માલ-મિલકતને લગતા પ્રશ્નોમાં મુશ્કેલી જણાશે. નોકરીમાં મહેનતનું ફળ મળશે.



## ફિલ્મી ગપશપ

### ‘મને બાળકની ચિંતા છે...’:અલ્લુ અર્જુનને ૮ વર્ષના પીડિત માટે લખી ઈમોશનલ પોસ્ટ, કહ્યું-મળવા ઈચ્છું પણ કાયદાકીય પ્રક્રિયા અટકાવે છે



૧૩ ડિસેમ્બરનો દિવસ અલ્લુ અર્જુન અને તેના પરિવાર માટે ભારે હતો. સંધ્યા થિયેટર કેસ મામલે પોલીસે એક્ટરની ધરપકડ કરી હતી. પરંતુ હાઈકોર્ટે અલ્લુ અર્જુનને એક મહિના જામીન આપ્યા હતા. અલ્લુ સંધ્યા થિયેટરમાં તેના ચાહકોને મળવા ગયો હતો, જ્યાં ભીડ બેકાબૂ બનતા નાસભાગ મચી હતી. જેમાં એક મહિલાનું મોત થયું હતું અને એક ૮ વર્ષનો બાળક બેભાન થઈ ગયો હતો. હાલ તેની સારવાર ચાલી રહી છે. પીડિત બાળક માટે એક્ટરે ઈમોશનલ પોસ્ટ શેર કરી છે.

અલ્લુએ ૧૫ ડિસેમ્બરે એક પોસ્ટ શેર કરી હતી, જેમાં તેણે આ બાળક વિશે ચિંતા વ્યક્ત કરી હતી. અલ્લુએ લખ્યું- હું શ્રી તેજની હાલતથી ચિંતિત છું અને તેના વિશે પણ વિચારી રહ્યો છું. જો કે, તે ડોકટરોની દેખરેખમાં છે અને તેની સારવાર ચાલી રહી છે, પરંતુ જે થયું તે થવું જોઈતું નહોતું.

હું હાલમાં કાનૂની સમસ્યાઓનો સામનો કરી રહ્યો છું. આથી, મને બાળક અને તેના પરિવારને મળવાનું ટાળવા માટે કહેવામાં આવ્યું છે. મારી પ્રાર્થના પરિવાર સાથે છે. બાળકની સારવારમાં અને પરિવારને મારો સ્પોર્ટ હંમેશા રહેશે. જે પણ ખર્ચ કરવા થશે અથવા કોઈ પણ જરૂરિયાત હશે હું પાછળ હટીશ નહીં. હું આશા રાખું છું કે બાળક જલ્દી સ્વસ્થ થઈને ઘરે પરત ફરે. હું બાળક અને તેના પરિવારને જલ્દી મળવા ઈચ્છું છું.

જેલમાંથી છૂટ્યા બાદ અલ્લુ અર્જુને મીડિયા સાથે વાત કરી હતી. તેણે કહ્યું હતું- ચિંતા કરવાની કોઈ વાત નથી. હું ઠીક છું. હું કાયદામાં માનું છું. આ કેસ કોર્ટમાં ચાલી રહ્યો છે તેથી હું કાયદાનું પાલન કરતો નાગરિક છું. હું પોલીસને સહકાર આપીશ. જીવ ગુમાવનાર મહિલાના પરિવાર પ્રત્યે મારી સંવેદના છે. આ એક કમનસીબ ઘટના હતી. હું પરિવારને દરેક સંભવિત રીતે ટેકો આપવા માટે હાજર રહીશ અને આ મુશ્કેલ સમયમાં તેમને દરેક શક્ય સહયોગ પ્રદાન કરીશ.

આ ઘટના વિશે વાત કરતા અલ્લુ અર્જુને કહ્યું કે આ ઘટના અજાણતા બની છે. એક્ટરે કહ્યું- જ્યારે હું ફિલ્મ જોવા ગયો હતો ત્યારે અચાનક આ ઘટના બની. આ ઈરાદાપૂર્વક કરવામાં આવ્યું ન હતું. છેલ્લા ૨૦ વર્ષથી હું ફિલ્મો જોવા સિનેમા હોલમાં જઉં છું. તે હંમેશા એક સુખદ અનુભવ રહ્યો છે, પરંતુ આ વખતે વસ્તુઓએ અલગ વળાંક લીધો.

## મોંઘવારીમાં રાહત! જથ્થાબંધ ફુગાવો ત્રણ માસના તળીયે

# શાકભાજીના ભાવમાં તિવ્ર ઘટાડાનું કારણ : હવે છુટક ફુગાવો પણ નીચો આવશે તેવા સંકેત




નવી દિલ્હીઃ દેશમાં મોંઘવારીની લાંબા સમયથી સ્થિતિ વચ્ચે હવે સારા સમાચાર આવી રહ્યા છે અને નવેમ્બર માસમાં જથ્થાબંધ ભાવાંક ત્રણ માસના સૌથી નીચા ૧.૮૯% ના દરે પહોચતા હવે છુટક ફુગાવો પણ નીચો આવે તેવા સંકેત છે. સરકારે જારી કરેલા આંકડા મુજબ નવેમ્બર માસમાં જથ્થાબંધ ફુગાવો ૨.૩૬% માંથી ઘટીને ૧.૮૯% નોંધાયા છે.

ખાસ કરીને ખાદ્ય ચીજોમાં શાકભાજી અને ડુંગળીઓના ભાવમાં ઘટાડો થતા જથ્થાબંધ ફુગાવો નીચે આવ્યો છે. ગત વર્ષ જો કે આ દર ૦.૮૯% જ હતો. આમ એક વર્ષની સરખામણીમાં તે હજું ઉંચો છે. ખાદ્ય ચીજોનો ફુગાવાનો દર જે ઓકટોબર માસમાં ૧૩.૫૪% હતો તે ઘટીને ૮.૬૩% રહી ગયો છે.

શાકભાજીના ભાવ સીઝનલ કારણોથી ઘટયા છે અને તેની અસર હવે છુટક ફુગાવા પર પણ થશે. જો કે બટેટાના ભાવમાં હજું મોંઘવારીની અસર છે અને તેમાં ફુગાવાનો સૂચક આંક ૮૨.૭૯% બની રહ્યો છે.

ડુંગળીમાં બમ્પર પાક બજારમાં આવતા તેનો ફુગાવાનો દર ૨.૮૫% થયો છે. જથ્થાબંધ બાદ છુટક ફુગાવો પણ ઘટશે તેના કારણે હવે આગામી વર્ષે વ્યાજદરમાં પણ રીઝર્વ બેંક રાહત આપી શકે છે.

## સ્વચ્છ ભારત અભિયાન : ટોઇલેટ ક્લીનર વપરાશમાં ૩૪ ટકાનો વધારો

# ૨૦૧૪ માં ૧૯ ટકા ભારતીયો ટોઈલેટ ક્લીનરનો ઉપયોગ કરતાં હતાં જે ૨૦૨૪ માં ૫૩ ટકા થયાં

નવી દિલ્હી : એક દાયકા પહેલાં જ્યારે પીએમ નરેન્દ્ર મોદીએ સ્વચ્છ ભારત અભિયાનની શરૂઆત કરી ત્યારપછી હવે અડધાથી વધુ ભારતીય પરિવારો ટોયલેટ ક્લીનર્સનો ઉપયોગ કરે છે.

૨૦૧૪ માં, ટોઈલેટ ક્લીનર્સ અને ફ્લોર ક્લીનર્સનો ઉપયોગ અનુક્રમે ૧૯ ટકા અને ૮ ટકા થતો હતો. ૨૦૨૪ માં ટોયલેટ ક્લીનર્સનો ઉપયોગ કરતાં ૫૩ ટકા પરિવારો અને ફ્લોર ક્લીનર્સ ખરીદતાં ૨૨ ટકા પરિવારો થઈ ગયાં છે, કંતારના ડેટા અનુસાર ૧૨૮ મિલિયનથી વધુ ઘરો ટોયલેટ ક્લીનર્સ ખરીદે છે અને ફ્લોર ક્લીનર્સ સેગમેન્ટમાં ૫૨ મિલિયન નવાં ઘરો ઉમેરાયા છે.




ગ્રાહકોને છૂપાયેલા જોખમો વિશે ચેતવણી આપવાથી લઈને વધુ સારી સ્વચ્છતા વિશે જાગૃતિ ફેલાવવા સુધી, રેકિટ બેનકીઝર, હિન્દુસ્તાન યુનિલિવર અને ડાબર જેવાં બાથરૂમ સેનિટેશન ઉત્પાદનોના માર્કેટર્સે પણ પોતાનું કામ કર્યું છે.

ડાબરના વડા રાઠીએ જણાવ્યું કે, સ્વચ્છ ભારત અભિયાન હેઠળ ગ્રામીણ ઘરગથ્થુ શૌચાલયોના નિર્માણથી સ્વચ્છતા વિશે જાગૃતિ લાવવામાં મદદ મળી છે.

રાઠીએ જણાવ્યું હતું કે, ×શહેરી ભારતમાં હાઉસિંગ સેગમેન્ટની વૃદ્ધિ અને જાગૃત ખરીદદારોની સંખ્યામાં વધારો પણ આ કેટેગરી માટે વૃદ્ધિમાં સહાયક છે.× ભારતનું સરફેસ ક્લીનર માર્કેટ લગભગ ૪૨૦૦ કરોડનું છે, જેમાં ટોઈલેટ ક્લીનર્સનો હિસ્સો ૨૦૦૦ કરોડનો છે.

કંટારે જણાવ્યું હતું કે, એક દાયકા પહેલાં કેટેગરી મોટાભાગે શહેર-કેન્દ્રિત હતી. તે ધરમૂળથી બદલાઈ ગઈ છે. એક દાયકા પહેલાં, ૮૨ ટકા ઘરો શૌચાલય ક્લીનર્સ ખરીદતાં હતાં તે શહેરી વિસ્તારોમાં હતાં.

## અમિત શાહે માઓવાદીઓ સામેની કાર્યવાહી માટે છત્તીસગઢ સરકારની પ્રશંસા કરી

# માઓવાદીઓના મુદ્દાને ઉકેલવા માટે રાજ્ય અને કેન્દ્રીય એજન્સીઓ દ્વારા અપનાવવામાં આવેલા સહયોગી અભિગમની પ્રશંસા કરી હતી

(એજન્સી)

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે સોમવારે રાજ્યમાં માઓવાદ સામે લડવા માટે છત્તીસગઢ સરકારના નિર્ધારિત પ્રયાસોની પ્રશંસા કરી.જગદલપુરમાં એક સભાને સંબોધતા, શાહે આ મુદ્દાને અસરકારક રીતે ઉકેલવા માટે રાજ્ય સરકાર અને કેન્દ્રીય એજન્સીઓ દ્વારા અપનાવવામાં આવેલા સહયોગી અભિગમની પ્રશંસા કરી.તેમની મુલાકાત દરમિયાન, ગૃહમંત્રીએ આત્મસમર્પણ કરેલા માઓવાદીઓ અને તેમના પરિવારો સાથે વાતચીત કરી, તેમને આશ્વાસન અને સમર્થન આપ્યું. તેમણે હિંસાથી પ્રભાવિત લોકોના પુનર્વસન માટે સરકારની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો અને પ્રદેશમાંથી માઓવાદને જડમૂળથી ઉખેડવા માટે સામૂહિક પ્રયાસો કરવા વિનંતી કરી.



"કેન્દ્ર સરકાર, છત્તીસગઢ સરકાર સાથે મળીને, માઓવાદથી પ્રભાવિત પરિવારોને વ્યાપક સમર્થન સુનિશ્ચિત કરશે. હું દરેકને અપીલ કરું છું કે આ ખતરાને નાબૂદ કરવા માટે બંને સરકારો દ્વારા ચાલી રહેલા અભિયાનો સાથે હાથ મિલાવે," તેમણે કહ્યું. પાછલા વર્ષમાં થયેલી પ્રગતિ પર પ્રકાશ પાડતા, શાહે માઓવાદી પ્રવૃત્તિઓમાં ઘટાડો નોંધ્યો હતો, જેમાં તેના કેટલાક ટોચના કેડરના નિષ્ક્રિયકરણનો સમાવેશ થાય છે. "છત્તીસગઢ સરકારના નેતૃત્વ હેઠળ પ્રશંસનીય પગલાં લેવામાં આવ્યા છે, સારી રીતે ઘડવામાં આવેલી વ્યૂહરચનાનો ઉપયોગ કરીને. મને વિશ્વાસ છે કે અમે ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધીમાં દેશમાંથી માઓવાદને સંપૂર્ણ રીતે નાબૂદ કરી લઈશું," તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું.

શાહે ખાસ કરીને છત્તીસગઢના મુખ્યમંત્રી વિષ્ણુ દેવ સાઈ અને નાયબ મુખ્યમંત્રી વિજય શર્માના નેતૃત્વની સાથે રાજ્ય પોલીસ અને અન્ય સુરક્ષા દળોના અથાક પ્રયાસોની પ્રશંસા કરી હતી. "છત્તીસગઢ સરકાર, પોલીસ અને સુરક્ષા એજન્સીઓના સંયુક્ત પ્રયાસોએ આ અભિયાન માટે મજબૂત પાયો નાખ્યો છે. હું તમને બધાને ખાતરી આપું છું કે નિર્ધારિત સમયરેખામાં માઓવાદ મુક્ત રાજ્યનો ધ્યેય સાકાર થશે," તેમણે પુનરોચ્ચાર કર્યો.ગૃહ પ્રધાન શાહે કહ્યું કે જ્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેમને ૨૦૧૯ માં ગૃહ મંત્રાલયની જવાબદારી સોંપી, ત્યારે તેમણે વિચાર્યું કે જેઓ સશસ્ત્ર ચળવળમાં સામેલ હતા તેમને તેમના શસ્ત્રો મૂકવા, આત્મસમર્પણ કરવાની અને શાંતિપૂર્ણ જીવન જીવવાની તક આપવી જોઈએ.

"અમારી પહેલને પગલે, પૂર્વોત્તરમાં ૨૦ શાંતિ સમજૂતીઓ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા અને ૯,૦૦૦ આતંકવાદીઓએ આત્મસમર્પણ કર્યું," તેમણે કહ્યું.તેમણે વધુમાં જણાવ્યું હતું કેઁ મોદીએ પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આત્મસમર્પણ કરાયેલા માઓવાદીઓ માટે ૧૫,૦૦૦ ઘરો મંજૂર કર્યા હતા જ્યારે રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ આવા પરિવારોને ઓછામાં ઓછી એક ગાય અથવા ભેંસ આપશે જેથી તેઓ દર મહિને ?૧૫,૦૦૦ થી ?૨૦,૦૦૦ કમાઈ શકે."આજે જગદલપુર, છત્તીસગઢમાં, હું માઓવાદી પ્રભાવિત લોકોને મળ્યો અને જેઓ તેમના શસ્ત્રો સમર્પણ કરીને મુખ્ય પ્રવાહમાં જોડાયા હતા. માઓવાદે દેશની વિશાળ વસ્તીને દાયકાઓ સુધી તેમના મૂળભૂત અધિકારોથી વંચિત રાખ્યા એટલું જ નહીં પરંતુ અમાનવીયતાની તમામ હદો પાર કરી અને તેમના જીવન પર પ્રતિકૂળ અસર કરી. . હિંસાનો માર્ગ, સમાજના સૌથી મોટા દુશ્મનો છે. તેના ઠ હેન્ડલ પર લખ્યું હતું.

# દિલ્હીના ઉપરાજ્યપાલે આતિશીને લખ્યો પત્ર, ઓડિટ રિપોર્ટ વિધાનસભામાં રજૂ કરવા માંગ

નવી દિલ્હી : લેફ્ટનન્ટ ગવર્નર વીકે સક્સેનાએ દિલ્હીના મુખ્યમંત્રી આતિશીને પત્ર લખીને દેશના ટોચના ઓડિટર કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલના પેન્ડિંગ ૧૪ અહેવાલોને ગૃહના ટેબલ પર મૂકવા માટે દિલ્હી વિધાનસભાની વિશેષ બેઠક બોલાવવા જણાવ્યું છે. આ મામલે કોર્ટમાં સુનાવણી પહેલા ઝછઘના કેટલાક અહેવાલો સબમિટ કરનાર દિલ્હી સરકારે હજુ સુધી એસેમ્બલી સત્રની કોઈ તારીખો જાહેર કરી નથી જ્યારે રિપોર્ટ્સ રજૂ કરી શકાય.

૧૪માંથી અગિયાર અહેવાલો તે સમયગાળાને લગતા છે જ્યારે અરવિંદ કેજરીવાલ દિલ્હીના મુખ્યમંત્રી હતા અને તે દિલ્હી ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન, જાહેર આરોગ્ય અને મોહલ્લા ક્લિનિક્સ, દારૂની ડ્યુટી, પ્રદૂષણ, નાણાં અને રાજ્યના વિવિધ ઉપક્રમો વિશે છે. ન્ના નિર્દેશો પ્ઘઝ્રદ્બ એક્ટ, ૧૯૯૧ની કલમ ૪૮ સાથે સુસંગત છે.કેગના અહેવાલો શાસનમાં પારદર્શિતાના ટચસ્ટોન છે. એલજીએ મુખ્ય પ્રધાનને પત્ર લખીને તેમને વિધાનસભા સમક્ષ ઝડપથી મૂકવું એ સરકાર માટે બંધારણીય આદેશ છે.

તેમણે ઉમેર્યું હતું કે, સીએજીના અહેવાલો વિધાનસભા સમક્ષ તાત્કાલિક ન મૂકીને સરકાર તેની બંધારણીય જવાબદારી નિભાવવામાં નિષ્ફળ રહી છે.દિલ્હી સરકારે ગયા અઠવાડિયે આ રિપોર્ટ રાજભવનને મોકલી આપ્યો હતો. અજ્ઞાત અધિકારીઓને ટાંકીને અહેવાલો જણાવે છે કે કેગનો એક રિપોર્ટ ૪૯૭ દિવસથી પેન્ડિંગ હતો.હાઈકોર્ટમાં કેસ દાખલ કરનાર ભાજપે દાવો કર્યો હતો કે આમ આદમી પાર્ટીની સરકારે સુનાવણી પહેલા કોર્ટમાંથી કાર્યવાહી અટકાવવા રિપોર્ટ મોકલ્યા હતા.



"આપ સરકાર માટે દિલ્હી હાઈકોર્ટના પ્રતિકૂળ આદેશના ડરથી, લાંબા સમયથી પડતર રહેલા ઝછઘ રિપોર્ટ્સ એલજીને તેમની પરવાનગી મેળવવા માટે ઉતાવળમાં સબમિટ કરવા માટે, અહેવાલોને સાર્વજનિક કરવાનું શક્ય બનાવવા માટે, તેમને મૂકીને. વિધાનસભામાં," લેફ્ટનન્ટ ગવર્નરની કચેરીએ એક નોંધમાં જણાવ્યું હતું."ચહેરો બચાવવાના પગલામાં સરકારે સુનાવણીના એક દિવસ પહેલા ૧૧ ડિસેમ્બરના રોજ બપોરે ૩:૩૦ વાગ્યે ઉતાવળમાં ૧૨ અહેવાલો મોકલ્યા અને બાદમાં ૧૨ ડિસેમ્બરે સાંજે ૭.૫૦ વાગ્યે બે બાકી અહેવાલો એલજી સચિવાલયને મોકલ્યા, સુનાવણી પૂર્ણ થયા પછી, "નોંધ વાંચી.

# વિદ્યાર્થી જીવનમાં ખૂબ સંયમ છે વિદ્યાર્થી જો વિદ્યાર્થી અવસ્થામાં વિલાસી જીવન ગાળે તો વિદ્યાનો વિનાશ થાય છે



**યશપાલસિંહ ટી. વાઘેલા**
**દરબાર ગઢ થરા**



દેવદિવાળી પછી શૈક્ષણિક નવા સત્રનો પ્રારંભ આધાર અપારના ગુંચવાડામાં શિક્ષકો વિદ્યાર્થીઓ અને શિક્ષણને ફસાવીને થયેલ છે ત્યારે આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઇએ તો ગુરુ સેવા વગર જ્ઞાન નથી, ગુરુ સેવા વગર પ્રભુ પ્રસન્ન થતા નથી એ આદર્શ શ્રીકૃષ્ણે જગતને બતાવ્યો છે.પ્રાચીનકાળમાં ગુરુઓ વિરક્ત હતા અને શિષ્ય આવા ગુરુની સેવા કરી વિરક્ત થતા. વિદ્યા એ વૈરાગ્ય વગર દીપે અને અન્યનહીં ભગવાનના વિદ્યાર્થી જીવનમાં ખૂબ સંયમ છે વિદ્યાર્થી જો વિદ્યાર્થી અવસ્થામાં વિલાસી જીવન ગાળે તો વિદ્યાનો વિનાશ થાય છે.શ્રીકૃષ્ણ ગુરુને ઘરે પાણી ભરે છે અને ગુરુને ઘરે વનમાંથી લાકડાં લઈ આવે છે.

ગુરુના સંસ્કાર વિદ્યાર્થીમાં આવે છે.આજકાલ ભણાવનારા પ્રોફેસરો વિલાસી હોય છે એટલે ભણનાર વિદ્યાર્થીઓ વિલાસી થાય છે.પ્રાચીનકાળમાં ગુરુઓમાં પરિપૂર્ણ સંયમ હતો એટલે વિદ્યાર્થીઓમાં પણ સંયમ આવતો સંયમ જ સુખ આપે છે. વિદ્યાર્થી અવસ્થામાં સંયમની બહુ જ જરૂર છે.આજકાલ પૈસા કમાવાની વિદ્યા શીખવાડવામાં આવે છે, પણ સંસાર સંબંધમાંથી છોડાવનારી વિદ્યા શીખવાડવામાં આવતીનથી.આત્મા શું?પરમાત્મા શું? આત્મા-પરમાત્માનો સંબંધ શું? જીવનનું લક્ષ્ય શું? આ કોઈ કહેતું નથી.સાચી વિદ્યા એજ જે જીવને પ્રભુનાં ચરણ સુધી લઈ જાય મુક્તિ અપાવે તે જ વિદ્યા. શ્રીકૃષ્ણ જ્યારે ગુરુકુળમાં હતા, ત્યારે સૌરાષ્ટ્રનો એક ગરીબ બ્રાહ્મણ ત્યાં ભણવા આવ્યો. તેની સાથે શ્રીકૃષ્ણને મૈત્રી થઈ. આ મિત્રનું નામ સુદામા.શ્રીકૃષ્ણ ના અનેક મિત્રો હશે પણ ભાગવત માં આ એકનું નામ આપ્યું છે.

ઈન્દ્રિયાોને દમ,ઈન્દ્રિયનિગ્રહ કરે તે સુદામા. ઈન્દ્રિયોનો નિગ્રહ કર્યા વિના વિદ્યા મળતી નથી,વિદ્યા ફળતી નથી. વિદ્યાર્થી આલમમાં ઈન્દ્રિયોને દમવાની ખૂબ જરૂર છે. તે સૂચવવા શ્રીકૃષ્ણના બીજા કોઈ સહાધ્યાયીનું કામ ભાગવત માં લખ્યું નથી.ફક્ત સુદામાનું નામ લખ્યું છે.સુદામા સાથે મૈત્રી કરે તો જ સરસ્વતીની ઉપાસના થાય.

પરમાત્માના સાક્ષાત્કાર માટે અતિ સંયમની જરૂર છે. વિદ્યાર્થી અતિ સંયમ ન રાખે તો વિદ્યા મળતી નથી.જીવનમાં સંયમ વગર દિવ્યતા આવતી નથી માટે સંયમ વિદ્યા, જ્ઞાન સાથે વૈરાગ્યને ખૂબ વધારો. એક વખત જે સુખનો,જે વિષયનો ત્યાગ કર્યો તેની ફરીથી ઇચ્છા થાય તો તે એકલું ખાવા જેવું થયું. માટે એક વખત ત્યાગ કર્યો પછી ત્યાગેલી ચીજનીઈચ્છા કરવી નહીં.માટે સુદામા સાથે મૈત્રી કરજો. સુદામા સાથે મૈત્રી કરશો તો સરસ્વતી પ્રસન્ન થશે અને દ્વારિકાનાથ પણ મળશે.સુદામા એ ઉત્તમ સંયમનું સ્વરૂપ છે.

શ્રીકૃષ્ણ-સુદામાના ગુરુ સાંદીપનિ છે.આત્મતત્ત્વનું સંદીપન કરી- કરાવી શકે તેનું નામ સાંદીપનિ, તે જ ગુરુ!કશું બહારથી લાવીને આપે છે તેવું નથી. આત્મતત્ત્વ જે અંદર છે તેનો જ ગુરુ અનુભવ કરાવે છે.જે મળ્યું છે તે મેળવવાનું છે, પ્રાપ્તની પ્રાપ્તિ છે.

ભગવાન પૃથ્વી ઉપર પધારે એટલે એમને પણ ગુરુની જરૂર પડે છે. તેઓ પણ ગુરુસેવા કરે છે. ભગવાને સંયમ સાથે મૈત્રી કરી સદાચારી જીવન ગાળ્યું. આજે પણ વિદ્યાર્થી સુદામાની સાથે મૈત્રી કરી વિદ્યાભ્યાસ કરે, તો વિદ્યા સફળ થાય, સંસારીઓ સાથે રહી બ્રહ્મચર્ય પાળવું કઠણ છે.સાત્ત્વિક વાતાવરણ હૃદયને પ્રફુલ્લ કરે છે.

પિતા-પુત્રના વંશને બિંદુવંશ કહેછે ગુરુ-શિષ્યના વંશને નાશવંત કહે છે. નાશવંત બિંદુવંશ કરતાં શ્રેષ્ઠ છે,એટલે પિતા કરતાં ગુરુ શ્રેષ્ઠછે

ભગવાને વિદ્યાભ્યાસ પૂરો કર્યો. ગુરુને ગુરુદક્ષિણા માગવા કહ્યું. સાંદીપનિ કાંઈ માગતા નથી. સાંદીપનિ બોલ્યા,ક્ષીપ્રા નદીને કિનારે મારો આશ્રમ છે.વૃક્ષો ફળ આપે છે,નદી જળ આપે છે. કોઈ વસ્તુની મને અપેક્ષા નથી.

જળ અને ફળથી જેને સંતોષ છે એ ખરો બ્રાહ્મણ.તે જ સદગુરુ થવાને લાયક છે.બ્રાહ્મણનું જીવન વિલાસ ભોગવવા માટે નથી,તપ માટે છે.જેની જરૂરિયાત ઓછી તેના હાથે પાપ થતું નથી.પ્રભુએ કહ્યું,તમને જરૂર નથી, પણ ગુરુદક્ષિણા આપ્યા વગર મારી વિદ્યા સફળ ન થાય, માટે કાંઈક માગો.

સાંદીપનિએ કહ્યું,મેં તને જ્ઞાન દીધું તેમ તું બીજાને દેજે!લાયક શિષ્ય મળે તો કશા ફળની નાશા વગર એને વિદ્યા દેજે અને વિદ્યા વંશને વધારજે!આ મારી દક્ષિણા!

શ્રીકૃષ્ણે ગુરુની આજ્ઞા માથે ચડાવી અને આખી દુનિયા સાક્ષી છેકે,એમણે એ આજ્ઞાનું પલન કર્યું છે.પરજ્ઞાની યોગેશ્વર શ્રીકૃષ્ણે અર્જુનને દિવ્યજ્ઞાનનું દાન કર્યું. અર્જુનની તો સેવા કરી પણ એના ઘોડાઓની પણ સેવા કરી છે. મહાભારતમાં એવું વર્ણન આવે છે કે,યુદ્ધમાં થાકેલો અર્જુન રાત્રે સૂઈ જાય પણ શ્રીકૃષ્ણ સૂતાનથી ભગવાન રાત્રે અર્જુનના ઘોડાઓ ની સેવા કરે છે ઘોડાઓને વાગેલાં બાણ કાઢે,મલમ લગાડે,બદલામાં અર્જુન પાસેથી કાંઈ લીધું નથી.

અર્જુન ભલે શ્રીકૃષ્ણને ગુરુ માને, ભગવાન અર્જુનને ચેલા માનતા નથી.ભગવાને ઉદ્ધવને જ્ઞાનોપદેશ કર્યો.અર્જુનને જ્ઞાનોપદેશ કર્યો, પણ કોઈ પાસેથી કાંઈ લીધું નથી.

ગુરુ નિરપેક્ષ અને શિષ્ય નિષ્કામ હોય તો બેડો પાર થઈ જાય. પણ આજકાલ તો લોકો આશા રાખે છે,મહારાજના આશીર્વાદથી મારે ત્યાં બાબો થાય, મને સંપત્તિ મળે. પરંતુ સંતતિ અને સંપત્તિનો આશીર્વાદ ખરા સંત આપતા નથી સંત તો વિકારવાસનાનો નાશ કરી અલૌકિક ભજનાનંદનું દાન કરેછે.

ત્યારે ભગવાન ગુરુપત્નીને કહે છે તમે કંઈક કહો!ગુરુપત્ની પુત્ર શોકથી દુ:ખી હતાં.તે કહે છે,અમે પ્રભાસની જાત્રાએ ગયા ત્યારે મારો એકનો એક બાળક સમુદ્રમાં ડૂબી મરણ પામ્યો છે. ગુરુદક્ષિણામાં એ બાળક મને લાવી આપો.

ભગવાન તે બાળક લેવા ગયા. સમુદ્રમાંથી પંચજન્ય શંખ મળ્યો. તે ધારણ કર્યો.પ્રભુ મુરલીધર મટી શંખધર બન્યા.અપાર પરિશ્રમ કરી પ્રભુ મરી ગયેલા ગુરુદેવના બાળકને લઈ આવ્યા છે.ગુરુ તેમજ ગુરુપત્નીને આશીર્વાદ આપ્યા છે,સરસ્વતી તમારા મુખ માં, લક્ષ્મીજી તમારા ચરણમાં અને તમારી કીર્તિ જગતમાં થશે.બેટા,મારી વિદ્યાનો વંશ વધારજે.

ગોપીઓએ પણ ભગવાન પાસે કંઈ માગ્યું નથી. એટલે ભગવાન ગોપીઓના ઋણમાં હંમશને માટે રહ્યા છે. માટે ભગવાન પાસે કંઈ માગો નહીં.શ્રીકૃષ્ણ વિદ્યાભ્યાસ કરી મથુરા આવ્યા છે.યાદવોને પરમાનંદ થયો છે. મથુરાના રાજમહેલમાં મુકામ છે. ઉદ્ધવાગમનનો પ્રસંગ આવે છે.

ઉદ્ધવાગમનની કથા કહેવામાં કથાકારની કસોટી છે એમ દક્ષિણના મહાત્માઓ માને છે. ઉદ્ધવાગમનમાં જ્ઞાન અને ભક્તિ નો મધુર કલહ છે અને મધુર પણ છે.ઉદ્ધવનું નિર્ગુણ જ્ઞાન અને ગોપીઓની શુદ્ધ પ્રેમલક્ષણા સગુણ ભક્તિ. ભક્તિ અને જ્ઞાન માં કંઈ અંતર નથી.ભક્તિ જ જ્ઞાનરૂપે પરિણમે છે.

સાધક આરંભમાં 'હું સેવક છું' એવી દઢ કરી ઈશ્વરની આરાધના કરે છે.એમ કરતાં સાધકને થાયછે કે,હવે ભગવાન મારા છે!પહેલા પોતે ભગવાનનો હતો,હવે ભગવાન એના છે.તે પછી અનુ ભૂતિ વધે છે. દેહભાન ભુલાય છે. હવે હું રહેતું નથી,હવે ભગવાન જ રહે છે. તે પછી થાય છે કે, હું જ ભગવાન છું.દાસોહમાંથી સોહમ્ થાય છે.ભક્તિએ જ્ઞાન છે અને જ્ઞાન એ ભક્તિ છે.જ્ઞાન અને ભક્તિ એક બને છે,ત્યારે જીવન સફળ થાય છે.જ્ઞાનભક્તિ વગર પાંગળું છે અને ભક્તિ જ્ઞાન વગર આંધળી છે. ભક્તિ અને જ્ઞાન વૈરાગ્ય બંનેની જરૂર છે.

કેટલાક જ્ઞાનીઓ માને છે કે,અમને ભક્તિની જરૂર નથી.તેઓ ભક્તિ નો તિરસ્કાર કરે છે.કેટલાકભક્તો માને અમને જ્ઞાન વૈરાગ્યની જરૂર નથી.તેઓ જ્ઞાન વૈરાગ્યનો તિરસ્કાર કરે છે. આ બંને વિચારો યોગ્ય નથી વૈરાગ્ય વિના ભક્તિ દઢ થશે નહીં જ્ઞાન વૈરાગ્ય વગર ની ભક્તિ કાચી છે.ભક્તિ વૈરાગ્ય સાથે જ્ઞાન સાથે આવે તો દઢ બને છે.ભક્તિને જ્ઞાનની અપેક્ષા છે. અને જ્ઞાનને ભક્તિની અપેક્ષા છે.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત શિયાળાની જમાવટ હવે તેજ ગતિએ આગળ વધી રહી છે. બોર્ડ યુનિવર્સિટી પરીક્ષાના ફોર્મ ભરવાની અંતિમ તબક્કાની પ્રક્રિયા ચાલી રહી છે તો વિદ્યાર્થી અવસ્થામાં જ આળસનો ત્યાગ કરી નિર્ધારિત ધ્યેય પ્રાપ્ત કરવા સઘન પ્રયત્ન કરો.

## સુઇગામ તાલુકાનું રણ કાંઠાનું મસાલી ગામ બન્યું સોલાર વિલેજ જિલ્લાનું પ્રથમ સોલારયુક્ત ગામ

# સુઇગામ આસી. કલેક્ટર કાર્તિક જીવાણીના પ્રયત્નોથી ગામના તમામ ૧૧૭ ઘરો પર પ્રધાનમંત્રી સૂર્ય ઘર યોજના થકી સોલાર રૂફટોપ લાગ્યા

(ગરવી તાકાત) સૂઈગામ તા.૧૬

સુઈગામ તાલુકાના સરહદી રણની કાંધીને અડીને આવેલા મસાલી ગામમાં પ્રવેશ કરો એટલે દરેક ઘરો પર સોલાર પ્લેટો લાગેલી જોવા મળે, હા ભાઈ, મસાલી ગામ બનાસકાંઠા જિલ્લાનું પ્રથમ સોલાર વિલેજ બન્યું છે, મસાલી ગામ ગુજરાતનું મોઢેરા પછીનું બીજા નંબરનું સોલાર વિલેજ બની ગયું છે, આ શક્ય બન્યું છે, સુઈગામના આસી. કલેકટર કાર્તિક જીવાણીના સતત લોકોપયોગી પ્રયત્નોથી. મસાલી ગામ આમ તો નાનું ગામ છે,અને ગામના લગભગ ૧૧૭ ઘરો પર હાલના સમયમાં સોલાર રૂફટોપ લાગી ગયા છે, ગામના લોકોમાં આનંદ છે,કેમકે સોલાર લાગવાથી વિજબીલની ઝંઝાટમાંથી ગ્રામજનોને મુક્તિ મળી છે, વળી જે પણ સોલાર થકી વીજળી ઉત્પન્ન થશે, એમાંથી લોકોને કમાણી પણ થશે, એટલે આવનારા સમયમાં આ સોલાર સિસ્ટમ થકી મોટો આર્થિક ફાયદો થશે,અને ખાસ કરીને સોલાર સિસ્ટમ થકી પર્યાવરણનું જતન થશે, જિલ્લા કલેકટર મિહિર પટેલના માર્ગદર્શન હેઠળ સુઈગામ આસી.કલેકટર કાર્તિક જીવાણી દ્વારા સુઈગામ તાલુકાના મસાલી ગામને સોલાર સિસ્ટમથી સજ્જ કરવા માટેનું સરાહનીય કામ હાથ ધર્યું તેમાં તેમને ના.મામલતદાર પી.એન.ગઢવીનો ભરપૂર સહયોગ મળ્યો, ખાસ કરીને UGVCL yને રેવન્યુ ડિપાર્ટમેન્ટના સહિયારા પ્રયત્નોથી મસાલી ગામને સોલાર વિલેજ બનાવવામાં અધિકારીઓએ અંગત રસ લીધો જેના કારણે આવનાર સમયમાં મસાલી ગામ બનાસકાંઠા જિલ્લાનું પ્રથમ સોલાર વિલેજ બન્યું છે.



(તસ્વીર-અહેવાલ : નવીન ચૌધરી, સુઇગામ)

### મસાલી ગામનો સમાવેશ સોલરમાં કરવા બદલ આભાર. સરપંચ

આ અંગે માધપુરા મસાલી ગ્રૂપ ગ્રામ પંચાયતના સરપંચ મગનીરામ રાવલે જણાવ્યું કે અમારી ગ્રૂપ ગ્રામ પંચાયતના મસાલી ગામને સોલાર વિલેજ તરીકે પસંદ કરી ગામને સંપૂર્ણ સોલાર સિસ્ટમથી સજ્જ કર્યું છે,ગામના તમામ ઘરો પર સોલાર પેનલ લગાવી ગામને વિજબીલથી મુક્તિ અપાવી છે, ખાસ કરીને લોકોપયોગી કામ માટે સતત પ્રયત્નશીલ એવા આસી. કલેકટર કાર્તિક જીવાણી સાહેબનો ગ્રામજનો વતી આભાર વ્યક્ત કરું છું.

### ગામના તમામ ૧૧૭ ઘરો સોલાર સિસ્ટમથી સજ્જ

આ અંગે સુઇગામ આસી.કલેક્ટર કાર્તિક જીવાણીએ જણાવ્યું કે તાલુકાના મસાલી ગામમાં ૧૧૭ ઘરો પર સોલાર સિસ્ટમ લગાવવામાં આવી છે, જેનો અંદાજીત ૮૦ લાખ રૂપિયાનો ખર્ચ થયો છે, જેમાં થી પ્રધાનમંત્રી સૂર્ય ઘર યોજના હેઠળ ૫૦ % સબસીડી અને અન્ય ૫૦ % ખર્ચ દાતાઓ અને લોકફાળા થકી કરવામાં આવ્યો છે, આગામી સમયમાં સુઇગામ તાલુકાના બોર્ડરના અન્ય ગામોમાં પણ સોલાર સિસ્ટમનું કામ કરવાનો પ્લાન છે,

### ગામને વિજબીલથી સંપૂર્ણ મુક્તિ મળી. ગ્રામજન

આ અંગે ગામના અજીતસિંહ જાડેજાએ જણાવ્યું કે અમારા ગામના ઘરો પણ સોલાર લગાવી સોલરથી કનેક્ટ કર્યા છે, અને વિજબીલથી મુક્તિ અપાવી છે,એ બદલ જિલ્લા કલેક્ટર, સુઇગામ પ્રાંત કલેક્ટર, ના.મામલતદાર અને ગામના અગેવાનોનો આભાર વ્યક્ત કર્યો હતો, ગ્રામજનો સરકારના આભારી છે,સોલાર સિસ્ટમથી જે લાઈટ બિલ ભરવુંપડતુંહતું નાનો માણસ લાઈટ બિલ ના ભરે તો મીટર કપાઈ જતું એમાંથી આઝાદી મળી છે,અને માનસિક મુક્તિ મળી છે, લાઈટ જવાની ચિંતા મટી ગઈ છે

### ગામને લાઈટ બિલ ભરવામાંથી મુક્તિ અપાવી છે

આ અંગે ગામના દલુભાઈ પરમારે જણાવ્યું કે અમારા ગામમાં સુઇગામના ના. કેલેક્ટરનો ગ્રામજનો વતી આભાર વ્યક્ત કરીએ છીએ,સોલાર થકી ગામના ગરીબમાં ગરીબ માણસને લાભ મળશે,ગામના તમામ ઘરોને સોલરથી સજ્જ કર્યા છે, ગામમાં લાખો રૂપિયાની બચત થશે.

## સંવેદનસિલ વિસ્તારોમાં RAFની ટુકડી દ્વારા 'ફ્લેઝ માર્ચ' યોજાઈ



(તસ્વીર-અહેવાલ : ચિરાગ મેઘા સાબરકાંઠા)

(ગરવી તાકાત) સાબરકાંઠા તા.૧૬

સાબરકાંઠા જિલ્લાના વડામથક હિંમતનગર એ ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તાર સહિત અલગ અલગ પોલીસ સ્ટેશનના વિસ્તારોમાં સ્થાનિક પોલીસ સાથે ઈછ઼ ની ટુકડીએ શહેરના માર્ગો પર ફ્લેજ માર્ચ યોજી હતી. સાબરકાંઠા જિલ્લાના દરેક તાલુકાના સંવેદનશીલ વિસ્તારોમાં ઈછ઼ ની ટુકડી દ્વારા આગામી ચાર દિવસ અલગ અલગ વિસ્તારોમાં ફ્લેગ માર્ચ યોજી સુરક્ષા અને સલામતીની તાત મેળવાશે. ત્યારે ૧૦૦ બટાલિયન અમદાવાદ દ્વારા સાબરકાંઠા જિલ્લામાં ખાતે ૧૬/૧૨ થી ૨૦/૧૨/૨૦૨૪ સુધી જિલ્લાના અલગ અલગ પોલીસ મથકોના વિસ્તારોમાં ફ્લેગ માર્ચનું આયોજન કરવામાં આવ્યું છે. પરિચિતતા વ્યાયામ માટે નામિત પલ્પટનો મુખ્ય ઉદ્દેશ્ય જિલ્લામાં જિલ્લા અધિકારી અને પોલીસ અધિકારી સાથેનો સંપર્ક,અતિસંવેદનશીલ વિસ્તારોની માહિતી એકત્રિત કરી ઈલાકોન્સના સિનિયર નાગરિકો, સમાજ આગેવાનો અને પરિચિત અભ્યાસ તેમજ જિલ્લાની સ્થિતિ અને છેલ્લાં કેટલાંક વર્ષોમાં કાયદા અને વ્યવસ્થાની મહત્ત્વપૂર્ણ માહિતી સહીતની કામગિરી કરી સ્થાનીય પોલીસ સાથે વિવિધ માર્ગો પર ઈછ઼ ની ટુકડી ફ્લેગ માર્ચ કરી રહી છે....

## BZ કોભાંડ વચ્ચે જિલ્લાના શિક્ષણાધિકારી રજા પર...! શિક્ષણ વિભાગની કચેરીઓમાં મોટાભાગના ટેબલો ખાલી જોવાં મળ્યા

(ગરવી તાકાત) સાબરકાંઠા તા.૧૬

સાબરકાંઠા અરવલ્લી જિલ્લામાં ૨૧ દિવસ પહેલા મ્ઢ પોન્ઝી સ્કીમની ઓફિસો સહીત અલગ અલગ સ્થળો પર CID ક્રાઈમની ટીમે રેડ કરી વિવિધ મુદામાલ કબ્જે કર્યો છે. BZ પોન્ઝી સ્કીમમાં રોકાણ કરવવા માટે CEO ભુપેન્દ્રસિંહ ઝાલા સહીત તેના એજન્ટો રોકાણકારોને સ્કીમમાં રોકાણ કરાવવા માટે વિવિધ લોભામણી લાલચ તેમજ વિદેશ ટૂર સહિત લકઝરીયસ કાર પર ગિફ્ટ માં આપવાની વાતો કરવામાં આવી હતી. ત્યારે સમગ્ર બાબતે CID ક્રાઈમની ટીમે સર્ચ હાથ ધરી ભુપેન્દ્રસિંહ ઝાલા સામે ૬ હજાર કરોડની ફરિયાદ દાખલ કરવામાં આવી છે ત્યાર બાદથી આજદિન સુધી મહાઠગ ભુપેન્દ્રસિંહ ઝાલા સહીત તેના એજન્ટો ભૂગર્ભમાં જતા રહ્યા છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ પોન્ઝી સ્કીમમાં રોકાણ કરનાર મોટાભાગના રોકાણકારો શિક્ષકો હોવાનું માહિતી મળી રહી છે. સાથોસાથ શિક્ષકો સહિત અન્ય લોકોને સ્કીમમાં રોકાણ કરાવવા માટે શિક્ષકોને એજન્ટ બનાવવામાં આવ્યા હોવાની માહિતી સામે આવી રહી છે.







(તસ્વીર-અહેવાલ : ચિરાગ મેઘા સાબરકાંઠા)

સ્કીમમાં BZ ગ્રૂપ દ્વારા આપવામાં આવતી લકઝરિયસ કાર, મોંઘાદાટ મોબાઈલ ફોન, સહીત વિદેશની ટૂર કરતા શિક્ષકો અને એજન્ટોના વિડિઓ સામે આવ્યા છે. ત્યારે ૨૧ દિવસ જેટલો સમય વીત્યો છે અને સૌથી વધુ રોકાણ શિક્ષકોનું હોવાનું ધ્યાને આવ્યું છે જોકે સૌથી વધુ રોકાણકારો શિક્ષકો હોવાનું ધ્યાને આવ્યા બાદ પણ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરી તેમજ જીલ્લા શિક્ષણ અધિકારીની કચેરી ઓમા મોટાભાગના ટેબલો ખાલી જોવાં મળી રહ્યા છે. લેખીત ફરિયાદ બાદ જાણવાજોગ વિગતો પણ તંત્રને આપી હોવા છતાં એજન્ટો શિક્ષકો વિરુદ્ધ કાર્યવાહી કરવામાં વિલંબ થઈ રહ્યો હોવાની રાવ ઉઠવા પામી છે. સરકારી પ્રાથમિક સહિતની શાળાઓમાં ફરજ બજાવતા શિક્ષકો એજન્ટ હોવાના પુરાવા સામે આવ્યા બાદ પણ વિભાગીય કચેરી દ્વારા આજદિન સુધી કોઈપણ પ્રકારની કાર્યવાહી ન થતાં એજન્ટ શિક્ષકો થકી પોન્ઝી સ્કીમમાં રોકાણ કરનાર મોટાભાગના રોકાણકારોની ચિંતામાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. એક તરફ જિલ્લા સહિત સમગ્ર રાજ્યમાં ૬ હજાર કરોડની પોન્ઝી સ્કીમનો મુદ્દો ટોક ઓફ ધ ટાઉન બન્યો છે. તેની વચ્ચે જિલ્લાની શિક્ષણ વિભાગની કચેરીઓમાં મોટાભાગના ટેબલો ખાલી જોવાં મળ્યા ચર્ચાઓનો દોર શરૂ થયો છે. હાલના સમયે સાબરકાંઠા અરવલ્લી સહિતનાં વિસ્તારોમાં પોન્ઝી સ્કીમમાં રોકાણ કરનાર રોકાણકારોને એજન્ટો દ્વારા સોશિયલ મીડિયા થકી સંપર્ક કરવામાં આવી રહ્યો હોવાની ચર્ચાઓ પણ ચાલી રહી છે ત્યારે હાલ ૬ હજાર કરોડનું ફૂલેકું ફેરવનાર ભુપેન્દ્રસિંહ ઝાલા સહીત તેના એજન્ટો ભૂગર્ભમાં જતા રહેતાં મોટાભાગના રોકાણકારો ની ચિંતામાં સતત વધારો નોંધાઈ રહ્યો છે તો બીજી તરફ સરકારી નોકરીઓ કરતા કર્મચારીઓ એજન્ટ બની રોકાણકારોને રોકાણ કરાવનારાઓ સામે તંત્ર દ્વારા આજદિન સુધી કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવામાં નથી આવી જેને લઈ જિલ્લા શિક્ષણ વિભાગ સામે પણ અનેક સવાલો ઉદભવી રહ્યાં છે...

## બાવળોની ઝાડીમાં આગ લાગતાં લોકોમાં અફરા તફરી

# થરાદના અભેપુરા ગામે ખુલ્લા વાડામાં બાવળોની ઝાડીમાં આગ ભભૂકી ઉઠી, ફાયર ટીમે આગ કાબૂમાં લીધી

(ગરવી તાકાત) થરાદ તા.૧૬

થરાદ શહેર પાસે આવેલ અભેપુરા ગામે આવેલ શ્રીહરિ સોસાયટી ખાતે આવેલ ખુલ્લા વિસ્તારમાં બાવળોની ઝાડીમાં અચાનક આગ લાગી હતી. આગ લાગતાં અફરાતફરી મચી જવા પામી હતી. થરાદ ફાયર ટીમને જાણ કરતાં ફાયર ટીમે આગ પર કાબૂ મેળવ્યો હતો.બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકાના અભેપુરા ગામે આવેલ શ્રીહરિ સોસાયટી ખાતે ખુલ્લા વિસ્તારમાં બાવળોની ઝાડીમાં અગમ્ય કારણોસર આગ લાગી હતી. આગ લાગતાં સ્થાનિકોમાં અફરાતફરી મચી જવા પામી હતી. થરાદ નગરપાલિકાના ફાયર વિભાગને જાણ કરતા ફાયર ઓફિસર વિરમજી રાઠોડ સહિત ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે



પહોંચી પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. અગમ્ય કારણોસર આગ લાગી હોવાનું જાણવા મળ્યું હતું. ફાયર ઓફિસર વિરમજી રાઠોડ સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, આજરોજ સાંજના સમયે કોલ મળેલ કે અભેપુરા વિસ્તારની શ્રી હરી સોસાયટીમાં રહેતાં નાઈ ધીરાભાઈ અરજણભાઈના ખુલ્લા પ્લોટમાં આવેલ બાવળની જાડીમાં કોઈ અગમ્ય કારણોસર આગ લાગતા તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી આગ પર કાબૂ મેળવ્યો હતો.

## હડીયોલમાં VPL-3નો ધારાસભ્યના હસ્તે પ્રારંભ

# ૧૫ દિવસ સુધી ઉત્તર ગુજરાત ઝોનની ૬૪ ટીમો વચ્ચે મેચ રમાશે, ફાઈનલ મેચ દુબઈમાં રમાશે

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના હડીયોલ ગામના ગોયોના સ્ટેડીયમ ખાતે હિંમતનગરના ધારાસભ્યના હસ્તે VPL-3 શોશ્યલ ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ થયો હતો. આ મેદાન પર ૧૫ દિવસ સુધી ઉત્તર ગુજરાત ઝોનની ૬૪ ટીમો વચ્ચે મેચો રમશે. જેમાંથી બે વિજેતા ટીમે અગામી લીગ મેચ અમદાવાદ ખાતે રમશે અને વિશેષરૂપે VPL-3ની ફાઈનલ મેચ દુબઈમાં રમાશે.

આ અંગેની વિગત એવી છે કે, જગતજનની મા ઉમિયાની આસ્થાને વિશ્વભરમાં ઉજાગર કરવાના સંકલ્પ સાથે વિશ્વ ઉમિયાધામ, જાસપુર, અમદાવાદ મુકામે ૧૦૦ વીઘા જમીનમાં ૨ હજાર કરોડના સામાજિક નીધિ સહયોગથી વિશ્વની "નવમી અજાયબી" સમા વિશ્વના ઊંચામાં ઊંચા મંદિરનું નિર્માણ કાર્ય હાલમાં ચાલુ છે.

વિશ્વ ઉમિયાધામ મંદિર આસ્થાનું કેન્દ્ર તો છે પરંતુ તે સામાજિક તેમજ રાષ્ટ્ર ચેતનાનું કેન્દ્ર બને તેવી વિચારધારા સાથે મંદિર નિર્માણ ઉપરાંત શિક્ષણ, રોજગાર, આરોગ્ય, છાત્રાલય, સ્પોર્ટ્સ, કલ્ચરલ, ઉપરાંત બિઝનેસ ડેવલપમેન્ટ જેવી અનેકવિધ પ્રવૃત્તિઓ થકી સામાજિક સશક્તિકરણનું કેન્દ્ર બનવા જઈ રહ્યું છે.વિશ્વ ઉમિયાધામની યુવા શક્તિ અર્થાત યુવા સંગઠન દ્વારા ગુજરાતભરના યુવાનોને સંગઠીત કરી આધ્યત્મિક ચેતનાથી રાષ્ટ્રચેતના અભિયાનમાં જોડવાના ઉમદા હેતુસર નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટનું ભવ્ય કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાતના અમદાવાદ સહિત ૫ શહેરમાં ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરાયું છે. જેમાં અમદાવાદ,વડોદરા, સુરત, રાજકોટ અને હિંમતનગરનો સામાવેશ થાય છે. આ ક્રિકેટ ટુર્નામેન્ટને વિશ્વ ઉમિયાધામ પ્રિમિયર લિગ-૩ નામ અપાયું છે.

હિંમતનગરના હડીયોલ ગામના ગોયેના સ્ટેડીયમ પર શનિવારે રાત્રે ઉત્તર ગુજરાત ઝોનમાં ટુર્નામેન્ટનો પ્રારંભ હિંમતનગરના ધારાસભ્ય વી.ડી.ઝાલાના હસ્તે દીપ પ્રાગટ્ય બાદ માતાજીની આરતી કરવામાં આવી હતી.

ત્યાર બાદ મહેમાનોનું સ્વાગત સન્માન કરીને પ્રારંભ કરવામાં આવ્યો હતો.આ પ્રસંગે ગામના સરપંચ, ડેપ્યુટી સરપંચ, સમાજના અગ્રણીઓ અને યુવાનોની ઉપસ્થિતિ રહ્યા હતા.

## સંક્ષિપ્ત સમાચાર

### મહેસાણા શહેર દ. ગો. મંડળ દ્વારા ૧૦ મો સ્નેહ મિલન સમારોહ યોજાયો



(ગરવી તાકાત) મહેસાણા તા.ક્ષણ

મહેસાણા શહેર દશનામ ગોસ્વામી મંડળ દ્વારા ૧૦ મો સ્નેહ મિલન સમારોહ કાર્યક્રમ માં કે.જી. થી તમામ ફેકલ્ટી સુધી ના બાળકો ને ઈનામ વિતરણ સાંસ્કૃતિક કાર્યક્રમ વય નિવૃત થયેલ નું સન્માન નવી સરકારી નોકરી માં નિમણુંક પામેલ નું સન્માન સાથે રાસ ગરબા માં લકી ડ્રોમાં ૧૦ નંબર સુધી ને બમ્પર ઈનામ આપેલ સાથે ભોજન પણ લીધેલ મહેસાણા શહેર માં વસતા તમામ જ્ઞાતિ બંધુઓ અમારા આમંત્રણ ને માન આપી પધારેલ તે બદલ પ્રમુખ ધર્મેશ ગીરી/મંત્રી મનોજ ભારતી એ તમામ નો આભાર માનેલ

### ડેર પ્રાથમિક કન્યા શાળાના બાળ વૈજ્ઞાનિકોની ઝોન કક્ષાએ પ્રવેશની સિદ્ધિઃસાર્વત્રિક આવકાર



(ગરવી તાકાત) મહેસાણા તા.૧૬

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પાટણ દ્વારા આયોજિત ૨૬ માં બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનમાં ડેર પ્રાથમિક કન્યાશાળાએ શાનદાર સિદ્ધિ હાંસલ કરી છે.આ બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન શ્રીમતી આર.ડી.કે. પટેલ વિદ્યાલય ડેર મુકામે તારીખ ૧૨-૧૨-૨૦૨૪ ની તારીખ ૧૪-૧૨-૨૦૨૪ સુધી યોજાયું હતું

ડેર પ્રાથમિક કન્યા શાળાના ઈનોવેટીવ શિક્ષિકાબેન શ્રી અમીષાબેન પી. વિરપરા ના માર્ગદર્શન હેઠળ બાળવૈજ્ઞાનિકો ઠાકોર નિશાબેન ગુમાનસિંહ અને ઠાકોર દિવ્યાબેન શ્રવણસિંહ દ્વારા રજૂ કરાયેલ કૃતિ ગાય આધારિત ખેતીઃ એક નવી સમજ એક નવી દિશાએ વિભાગ ૩ પ્રાકૃતિક ખેતીમાં જિલ્લા કક્ષાએ પ્રથમ સ્થાન મેળવી શાળા તથા સમસ્ત ડેર ગામને ગૌરવ અપાવ્યું છે.

બાળ વૈજ્ઞાનિકોએ ગાય આધારિત ખેતીના માધ્યમથી પ્રાકૃતિક ખેતી ના ફાયદા ઉપર પ્રકાશ પાડતા બીજા મૃત, જીવામૃત અને જૈવિક કીટનાશકો જેવી પદ્ધતિઓ રજૂ કરી. આ કૃતિ એ નિર્ણાયકો અને દર્શકોના મન જીતી લીધા અને સૌને પ્રાકૃતિક ખેતી તરફ વળવા માટે પ્રેરણા આપી.

હવે આકૃતિ ઝોન કક્ષાના પ્રદર્શનમાં ભાગ લેશે જ્યાં વધુ નવીનતા અને ઉત્કૃષ્ટતા રજુ કરવામાં આવશે.

### કરા ઓકે ગ્રૂપ ઓફ વિસનગર દ્વારા પ્રાથમિક શાળા નં.૧માં

### બેટરી ઓપરેટ સ્પીકર વીથ ઓલ ફંકશન ભેટ આપવામાં આવ્યુ



(ગરવી તાકાત) મહેસાણા તા.૧૬

સરસ્વતી માતા ની સાધના અને સંગીત ની સાથે સાથે સેવાકાર્યો અને શહેરના ઉભરતા કલાકારો માટે દર મહિને ગીત સંગીત ના કાર્યક્રમો નુ આયોજન કરતા × કરા ઓકે ગ્રુપ ઓફ વિસનગર× દ્વારા શહેર ના દરબાર રોડ ઉપર આવેલી પ્રાથમિક કન્યા શાળા નં- ૧ માં તા ૯-૧૨-૨૪ ને સોમવાર ના રોજ બેટરી ઓપરેટ સ્પીકર વીથ ઓલ ફંકશન ભેંટ આપવામાં આવ્યું હતું. આજ ના આધુનિક અને ઈલેક્ટ્રોનિક્સ યુગમાં શાળા મહા શાળા ઓ અભ્યાસ કરતા બાળકો ને દરરોજ પ્રાર્થના કરવા માટે સંગીત ના સાધનો ની સાથે સાથે ઈલેક્ટ્રોનિક ઉપકરણો ની પણ જરૂરિયાત હોય છે.ત્યારે વિસનગર શહેર ના કરા ઓકે ગ્રુપ ઓફ વિસનગર ના મિત્રો ના સહયોગથી પ્રાથમિક કન્યા શાળા નં ૧ માં અભ્યાસ કરતાં બાળકોને પણ દરરોજ પ્રાર્થના કરવા માટે અને નવરાત્રી મહોત્સવ દરમિયાન ઉપયોગ માં આવે તે માટે એક ઈલેક્ટ્રોનિક મોટું સ્પીકર ભેંટ આપવામાં આવ્યું હતું. જેનો શુભારંભ ગ્રુપ ના હરેશભાઈ પ્રજાપતિ એ સુંદર મજાની પ્રાર્થના દ્વારા કરવામાં આવ્યો હતો અને બાળકો ને જીવન માં સંગીત અને ભારતીય સંસ્કૃતિ ની સાથે સાથે પ્રભુ પ્રાર્થના નુ મહત્વ સમજાવ્યું હતું આજના કાર્યક્રમમાં કરા ઓકે ગ્રુપ ઓફ વિસનગર ના હરેશભાઈ પ્રજાપતિ.. વિજયભાઈ બારોટ.. સમીરભાઈ પટેલ.. વિનોદભાઈ પ્રજાપતિ.. મયુરભાઈ પ્રજાપતિ અને પ્રકાશ ભાઈ સોની પત્રકાર દ્વારા શાળાના આચાર્ય જયદેવ ભાઈ જે. મોદી.સહિત સમગ્ર શાળા પરિવાર દ્વારા સહર્ષ ભેટ સ્વીકારી હતી.શાળા ના આચાર્ય શ્રી જયદેવ ભાઈ એ પણ કરા ઓકે ગ્રુપ ઓફ વિસનગર ના સભ્યો નો આભાર વ્યક્ત કર્યો હતો અને આ કાર્યક્રમ ની આભાર વિધિ શિક્ષિકા જાગૃતિ બેન બારોટ દ્વારા કરવામાં આવી હતી.

Volume : 10 Issue : 256 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002